**આજનો સુવિચાર**

પૈસા ન હોય ત્યારે ખર્ચામાં અને, જ્ઞાન ન હોય ત્યારે ચર્ચામાં મર્યાદા રાખવી બહુ જરૂરી છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૭૯ જૂનાગઢ તા.૦૮-૧૧-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 279, Junagadh : Date : 08 November, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## અલીગઢ મુસ્લીમ યુનિર્વસીટીનો લઘુમતીનો દરજ્જો યથાવત : સુપ્રિમ ફેંસલો



### સુપ્રિમ કોર્ટની ૭ જજોની બેન્ચે ૪/૩ની બહુમતીથી ચુકાદો આપ્યો : જો કે લઘુમતી દરજ્જાના માપદંડ નક્કી કરવા ત્રણ ન્યાયધીશોની નવી બેન્ચની રચના : અલીગઢ મુસ્લીમ યુનિ.એ પણ માપદંડમાં ખરૂ ઉતરવું પડશે

નવી દિલ્હી તા. ૮
સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડનાં નેતૃત્વ હેઠળની ૭ જજોની બંધારણીય બેન્ચે આજે સીમાવર્તી ચુકાદો આપતા અલીગઢ મુસ્લીમ યુનિ.નાં લઘુમતીના દરજ્જાને યથાવત રાખ્યો છે. ૭ જજોની બંધારણીય બેન્ચે ૪/૩ની બહુમતીથી આ ચુકાદો આપતા અલ્હાબાદ હાઈકોર્ટનાં ચુકાદાને રદ કરવાની સાથે અગાઉ ૧૯૬૭નાં હાઈકોર્ટનાં ચુકાદાની પલ્ટાવ્યો હતો. આમ આ ચુકાદાથી હાલમાં અલીગઢ મુસ્લીમ યુનિ.ને ભારે રાહત મળી ગઈ છે. એએમયુનાં સ્ટેટ પર જો કે હવે પછી ત્રણ ન્યાયધીશોની બેન્ચ નિર્ણય લેશે. અલીગઢ યુનિ.નાં લઘુમતી દરજજા મામલે ત્રણ જજોની બેન્ચ પ્રક્રિયા દર્શાવશે.

અલ્પસંખ્યક સંસ્થાનું માપદંડ શું હોવું જોઈએ તે અંગે ત્રણ જજોની બેન્ચ નકકી કરશે અને આ નવી બેન્ચ એએમયુનો લઘુમતી દરજજા અંગે નિર્ણય લેશે. અને આ ત્રણ જજોની બેન્ચનો ચુકાદો આખરી રહેશે તેમ આજની બંધારણીય બેન્ચનાં આદેશમાં જણાવાયું છે. આ નવી બેન્ચમાં લઘુમતી સંસ્થાઓનાં માપદંડ અને તેની પ્રક્રિયા નકકી થશે જે પ્રક્રિયા પર ખરી ઉતરનાર સંસ્થાને જ લઘુમતીનો દરજજો મળશે. નવા માપદંડો પર અલીગઢ મુસ્લીમ યુનિ.એ પણ તેની કસોટી પર ખરૂ ઉતરવું પડશે તેવું આદેશમાં જણાવાયું છે.

સુપ્રીમ કોર્ટની ૭ જજોની બંધારણીય બેન્ચે આજે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી લઘુમતી દરજજાના કેસમાં ચાર અલગ-અલગ ચુકાદાઓ આપ્યા હતા. સુપ્રિમ કોર્ટે આ કેસમાં ૪-૩ બહુમતીથી ચુકાદો આપતા કહ્યું કે હવે ત્રણ જજની બેન્ચ આ કેસ પર નિર્ણય કરશે. જો કે, સર્વોચ્ચ અદાલતે ૧૯૬૭ના ચુકાદાનો રદિયો આપ્યો હતો કે **AMU** કેન્દ્રીય યુનિવર્સિટી હોવાથી તેને લઘુમતી સંસ્થા ગણી શકાય નહીં.

તેના બહુમતી ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે **AMU**ના લઘુમતી દરજ્જાના મુદ્દાનો નિર્ણય તેના દ્વારા નિર્ધારિત પરીક્ષણોના આધારે થવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે એએમયુને લઘુમતી સંસ્થા તરીકેનો દરજ્જો નક્કી કરવા માટે માપદંડ પણ નક્કી કર્યા હતા.

મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે કહ્યું કે ત્રણ અસંમત ચુકાદાઓ સહિત ચાર અલગ-અલગ અભિપ્રાયો છે. ચીફ જસ્ટીસે કહ્યું કે તેમણે પોતાના અને જસ્ટિસ સંજીવ ખન્ના, જેબી પારડીવાલા અને મનોજ મિશ્રા માટે બહુમતીનો ચુકાદો લખ્યો છે.

જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું કે જસ્ટિસ સૂર્યકાન્ત, દીપાંકર દત્તા અને સતીશ ચંદ્ર શર્માએ તેમના અલગ-અલગ અસંમત ચુકાદાઓ લખ્યા છે.

સુપ્રિમ કોર્ટનાં ઈતિહાસમાં આ એક દુર્લભ ઉદાહરણ છે જ્યારે ૭ ન્યાયાધીશોની બેન્ચે ૪-૩ બહુમતી સાથે ચુકાદો સંભળાવ્યો હતો પરંતુ તેમ છતાં આ કેસને અંતિમ સુનાવણી માટે ત્રણ જજની બેન્ચ સમક્ષ મોકલ્યો છે. આ મુખ્યત્વે થયું કારણ કે ત્યાં ચાર અલગ-અલગ ચુકાદા છે જ્યારે ૩ અસંમત મંતવ્યો પણ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડનાં કાર્યકાળનો આજે અંતિમ દિવસ છે અને તેમણે આજે તેમની કારકીર્દીનો છેલ્લો ઐતિહાસીક ચુકાદો આપ્યો છે.

## ટ્રમ્પ નાગરીકતા નીતિ બદલશે તો ૧૬ લાખ ભારતીયોની નાગરીકતા ખતરામાં મુકાઈ જશે



વોશિંગ્ટન તા. ૮
અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ટ્રમ્પ વિજયી બન્યા બાદ ખાસ કરીને ભારતીયોમાં ચિંતા વધી ગઈ છે.

ટ્રમ્પની વાપસીથી તેમના બાળકોને આપોઆપ મળનારી અમેરિકી નાગરિકતા ખતરામાં આવી શકે છે. ટ્રમ્પ સરકારના આદેશથી માત્ર ગેરકાનુની પ્રવાસી જ નહીં પણ કાયદેસર રહેતા પ્રવાસીઓને પણ અસર પડી શકે છે.

અમેરિકાના ૪૭મા પ્રેસિડેન્ટ બનવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પ ઈલીગલ ઈમિગ્રન્ટ્સનું માસ ડિપોર્ટેશન કરશે ત્યારે કરશે, પરંતુ તે પહેલા ટ્રમ્પ એવા અનેક પગલાં લઈ શકે છે કે જેના કારણે યુએસમાં ગેરકાનૂની રહેતા હોય તેવા લોકોના લીગલ થવાના અને અમેરિકામાં લાંબો સમય રહેવાના ચાન્સ લગભગ ઝીરો થઈ જાય.

ટ્રમ્પે પોતાની કેમ્પેઈન સાઈટ પર જે પ્લાન શેર કર્યો છે તેમાં તેમણે પહેલા જ દિવસે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી કરીને ઈલીગલ ઈમિગ્રન્ટ્સના અમેરિકામાં જન્મેલા બાળકોને મળતી બર્થરાઈટ સિટીઝનશિપ સમાપ્ત કરી દેવાની જાહેરાત કરી છે. આ એક્ઝિક્યુટિવ ઓર્ડરનો ડોનાલ્ડ ટ્રમ્પે જે ડ્રાફ્ટ શેર કર્યો છે તેમાં જણાવ્યા અનુસાર ફેડરલ એજન્સીઓને નિર્દેશ આપીને અનડોક્યુમેન્ટેડ પેરેન્ટ્સના અમેરિકન બોર્ન બાળકને સિટીઝનશિપ આપવાનું બંધ કરી દેવાશે.

જો ટ્રમ્પે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે આ અંગેનો એક્ઝિક્યુટિવ ઓર્ડર પાસ કરી દીધો તો અમેરિકામાં જન્મેલા બાળકના આધારે ડિપોર્ટેશનથી બચી શકાશે તેવું માની રહેલા લાખો ઈલીગલ ઈન્ડિયન્સની તમામ ગણતરી ખોરવાઈ જશે.

એટલું જ નહીં, ઘણા લોકો પોતાના બાળકને અમેરિકાની સિટીઝનશિપ મળી જાય તે માટે વિઝિટર વિઝા પર ત્યાં જઈને ડિલિવરી કરાવતા હોય છે, પરંતુ ટ્રમ્પના સત્તા પર આવતા જ કદાચ આ ટ્રેન્ડ પણ બંધ થઈ જશે.

## બાગેશ્વર બાબાની કથામાં ભાગદોડ અનેક ઘાયલ

ભીલવાડા, તા.૮: રાજસ્થાનના ભીલવાડામાં બાગેશ્વર ધામ પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીની કથામાં વીઆઈપી ગેટ ખાતે પ્રવેશને લઈ ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ હતી. લોકો પાસે વીઆઈપી પાસ હોવા છતાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. આ દરમિયાન લોકો અને સુરક્ષાકર્મીઓ વચ્ચે માથાકૂટ બાદ ભાગદોડ જેવી હાલત થઈ હતી. તેમાં અનેક મહિલાઓ ઘાયલ થઈ હતી. લોકોએ આયોજકોએ વીઆઈપી પાસ આપીને પણ વ્યવસ્થા નહીં કરવાનો આરોપ લગાવ્યો હતો.

## કેનેડાની સરકારે ૧૦ વર્ષ માટે જારી કરાતા પર્યટક વિઝા બંધ કર્યા

એડમોન્ટન, તા.૮: કેનેડા સરકારે મલ્ટીપલ એન્ટ્રી વિઝા અંગેની તેની નીતિમાં મોટા ફેરફાર કરતા ૧૦ વર્ષના પ્રવાસી વિઝા આપવાનું બંધ કરી દીધું છે. જેના કારણે કેનેડા આવતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

નવી માર્ગદર્શિકામાં, ઈમિગ્રેશન અધિકારીઓ પોતાના સ્તરે નક્કી કરી શકશે કે સિંગલ એન્ટ્રી કે મલ્ટીપલ એન્ટ્રી વિઝા આપવામાં આવે કે નહીં. સત્તાવાળાઓ એ પણ નક્કી કરશે કે આ વિઝા કેટલા સમય માટે જારી કરવા જોઈએ. અગાઉ તેની મહત્તમ માન્યતા ૧૦ વર્ષ સુધી અથવા મુસાફરી દસ્તાવેજ અથવા બાયોમેટ્રિકની સમાપ્તી સુધી હતી.

## આજે બીજા દિવસે પણ જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં કલમ ૩૭૦ મુદે ધમાલ- મારામારી - સુત્રોચ્ચાર

શ્રીનગર તા. ૮
જમ્મુ-કાશ્મીરમાં નવી રચાયેલી વિધાનસભામાં પીડીપી સહિતના પ્રાદેશિક વિપક્ષોએ કલમ ૩૭૦ના મુદે આજે સતત બીજા દિવસે પણ વિધાનસભા ગૃહમાં ભારે હંગામો મચાવ્યો હતો અને ભાજપે કલમ ૩૭૦ને પરત અમલ અંગેના બેનર તથા પ્લેકાર્ડનો વિરોધ કરતા ફરી એક વખત બન્ને વચ્ચે ગૃહમાં એકબીજા પર હુમલા થયા હતા.

ગઈકાલની ઘટના બાદ આજે વિધાનસભા ગૃહમાં વધુ માર્શલ તૈનાત કરાયા હતા. પીડીપી અને અન્ય નાના પક્ષોએ કલમ ૩૭૦નો મુદો ઉઠાવતા જ ભાજપના સભ્યોએ વળતા ભારત માતા કી જયના સૂત્રોચ્ચાર કર્યા બાદ મામલો બીચકયો હતો અને માર્શલએ અવામી ઈતેદાહ પાર્ટીના ધારાસભ્ય ખુર્શિદ અહમદ શેખને ખેંચીને ગૃહની બહાર કાઢયા હતા. બાદમાં આ પ્રકારના વર્તનના વિરોધમાં ભાજપના સભ્યોએ થોડી મીનીટ માટે વોકઆઉટ કર્યો હતો.

## જમ્મુ-કાશ્મીરમાં ટાર્ગેટ કીલીંગ : બે ગ્રામરક્ષકની હત્યા : બે આતંકવાદી ઠાર

શ્રીનગર તા. ૮
ઉત્તર કાશ્મીરના સોપોર હેઠળના સગીપોરામાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણની માહિતી મળી છે. મળતી માહિતી મુજબ બંને તરફથી ગોળીબાર ચાલુ છે. આ પહેલા ગત બુધવારે પણ સેનાએ બાંદીપોરા અને કુપવાડા વિસ્તારમાં આતંકીઓનો સામનો કર્યો હતો.

આ એન્કાઉન્ટર કુપવાડાના લોલાબમાં શરૂ થયું હતું. આ વિસ્તારમાં ત્રણ આતંકીઓ હાજર હોવાની માહિતી મળી હતી. માહિતીના આધારે, સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું અને એક આતંકવાદીને ઠાર માર્યો. આ પહેલા સેનાએ બાંદીપોરામાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

બીજી બાજુ, કિશ્તવાડમાં, બે ગ્રામ સંરક્ષણ જૂથ **(VDG)** સભ્યોને પહેલા આતંકવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યા હતા અને પછી તેમની હત્યા કરવામાં આવી હતી. મૃતકોની ઓળખ નઝીર અહેમદ અને કુલદીપ કુમાર તરીકે થઈ છે. બંનેના મૃતદેહ મળી આવ્યા છે અને અહીં મોટાપાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

## ગુજરાત કોંગ્રેસનાં મહિલા પ્રવકતાએ યોગી આદિત્યનાથ વિરૂધ્ધ અરજી દાખલ કરી

અમદાવાદ, તા.૮: ગોરખપુરની જાહેર સભાના ભાષણમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દલિત સમાજ માટે અપમાનજનક શબ્દનું પ્રયોજન કર્યું હોવાથી લાગણી ઘવાતાં યોગી આદિત્યનાથ સામે એફઆઈઆર દાખલ કરવા ગુજરાત કૉન્ગ્રેસનાં મહિલા પ્રવકતા રત્ના વોરાએ અમદાવાદના ગોમતીપુર પોલીસ-સ્ટેશનમાં અરજી આપી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવક્તા રત્ના વોરાએ દાવો કરતાં કહ્યું હતું કે ‘ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ૨૦૨૪ની ૩૧ ઑક્ટોબરે ગોરખપુરની એક જાહેર સભામાં સંબોધન કરતાં ગેરબંધારણીય અને અપમાનજનક શબ્દનો ઉપયોગ કર્યો હતો.

## સુપ્રિમ કોર્ટમાં ધરખમ ફેરફાર : ઉનાળાની રજાઓમાં પણ અદાલત ચાલશે

નવી દિલ્હી, તા.૮: ઉનાળાની લાંબી રજાઓને લઈને સુપ્રીમ કોર્ટે મોટો ફેરફાર કર્યો છે. આ ઉપરાંત વેકેશન જજનો શબ્દ પણ નાબૂદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિયમમાં, દર વર્ષે ઉનાળાના વેકેશનને હવે આંશિક ન્યાયાલય કાર્ય દિવસ નામ આપવામાં આવ્યું છે. સાથે જ વેકેશન જજના શબ્દમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. તેમ ન્યાયાધીશ તરીકે બદલવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટની રજાઓને લઈને કરવામાં આવેલો આ ફેરફાર એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી હતી કે સુપ્રીમ કોર્ટમાં લાંબી રજાઓ મળે છે. આ સુપ્રીમ કોર્ટના નિયમો ૨૦૧૩ના સુધારાનો એક ભાગ હતો, પરંતુ ફેરફારો પછી તે હવે સુપ્રીમ કોર્ટ (બીજો સુધારો) નિયમો ૨૦૨૪ બની ગયો છે. આ ફેરફારની સૂચના ૫ નવેમ્બરે આપવામાં આવી છે.

## મહારાષ્ટ્રમાં અમારી સરકાર બનશે તો મસ્જીદોમાંથી લાઉડ સ્પીકર હટાવીશું : રાજઠાકરે

મુંબઈ, તા.૮: મહારાષ્ટ્રમાં જેમ જેમ મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ રાજકીય ગરમી પણ વધી રહી છે. હવે મહારાષ્ટ્રની ચૂંટણીમાં લાઉડસ્પીકરો પણ પ્રવેશી ગયા છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ મતદાન માટે ફતવા અને લાઉડસ્પીકરના ઉપયોગને લઈને મોટું નિવેદન આપ્યું છે. રાજ ઠાકરેનું કહેવું છે કે જો તેમની સરકાર બનશે તો તેઓ તમામ મસ્જીદોમાંથી લાઉડસ્પીકર હટાવી દેશે.


નૂતન વર્ષાભિનંદન

આયુષ્માન કાર્ડ હેઠળ જોઈન્ટ રીપ્લેસમેન્ટના ઓપરેશન "તદ્દન ફ્રી"

થાપાના અને ગોઠણનાં સાંધા બદલ્યા બાદ દર્દી પલાઠી વાળીને બેસી શકે છે

ડૉ. પ્રતિક ટાંક
ઓર્થોપેડીક એન્ડ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન

● જોઈન્ટ રિપ્લેસમેન્ટ, ઘુંટણનાં સાંધા તથા થાપાના ગોળા બદલવાના ઓપરેશન
● તમામ પ્રકારના ફેકચરની સારવાર ● કમર, ગરદન, હાથ-પગમાં ખાલી ચડવી તથા સાયટિકા તમામ પ્રકારના

વાહન અકસ્માતમાં પ્રથમ ૪૮ કલાક માટે નિયત મફત સારવાર

દરેક પ્રકારના "હેલ્થ ઈન્સ્યુરન્સ" કલેઈમમાં સારવાર ઉપલબ્ધ

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ – જૂનાગઢ
Near New Bus Station, Junagadh-362001. Ph. (0285) 2631731
વધુ માહિતી માટે સંપર્ક : ૯૫૧૦૯ ૧૫૫૦૨

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.

"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શક્તિને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓક્સિજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.

"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.

"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાની લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઇન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
749/- કિંમત 2870/-
1349/- કિંમત 5060/-
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### અમદાવાદમાં છઠપૂજા મહાપર્વમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા ''એક ભારત શ્રેષ્ઠ ભારત''ના મંત્રને દેશના રાજ્યોના પારંપારિક ઉત્સવો સાકાર કરે છે : મુખ્યમંત્રી




## વ્યવસાય-ધંધા-રોજગાર-નોકરી માટે દેશભરમાં વસેલા વિવિધ રાજ્યોના સમુદાયો ઉત્સવોની ઉમંગ ઉજવણીથી પોતાની સંસ્કૃતિને સદાકાળ જીવંત રાખે છે : ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૮

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદમાં છઠ મહાપર્વ પૂજા ઉત્સવમાં સહભાગી થતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ''એક ભારત-શ્રેષ્ઠ ભારત''નો જે મંત્ર આપ્યો છે તેને વિવિધ રાજ્યોના પારંપારિક ઉત્સવો સાકાર કરે છે. આ છઠ પૂજાનું આયોજન છઠ મહાપર્વ સમન્વય ટ્રસ્ટ, હિન્દી ભાષી મહાસંઘ અને માં જાનકી સેવા સમિતિના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં વસતા બિહાર, ઝારખંડ અને પૂર્વીય ઉત્તર પ્રદેશ વિસ્તાર સહિતના પરિવારો આ છઠ પૂજા ઉત્સવમાં ઉમંગ ઉલ્લાસથી જોડાયા હતા. મુખ્યમંત્રીએ ઉત્સવો અને પર્વોને ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ ગણાવતા કહ્યું કે, વ્યવસાય, ધંધા, રોજગાર કે નોકરી માટે દેશભરમાં વસેલા બિહાર, ઝારખંડ અને અન્ય રાજ્યોના પરિવારો જ્યાં વસ્યા છે ત્યાં આવા ઉત્સવો ઉજવીને પોતાની સંસ્કૃતિને સદાકાળ જીવંત રાખે છે. તેમણે ઉમેર્યું કે, દેશના અનેક રાજ્યોના લોકોએ ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી છે. આવા લોકોને પારંપારિક પર્વની ઉજવણીમાં પોતાના વતન જેવું વાતાવરણ મળે એ માટે આ છઠ પૂજા જેવા મહાપર્વનું આયોજન ગુજરાતમાં પણ કરાય છે. વડાપ્રધાનએ ''વસુધૈવ કુટુંબકમ''નો જે ધ્યેય રાખ્યો છે તેને સૌ સાથે મળીને આવા ઉત્સવોની ઉજવણીથી સાકાર કરે છે તેનો આનંદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, નવરાત્રી, ઉતરાયણ જેવા તહેવારો જેમ ગુજરાતની આગવી ઓળખ બન્યા છે તેમ છઠ પૂજા ઉત્સવએ બિહાર સહિત ઉત્તર ભારતના રાજ્યોની આગવી પહેચાન બન્યો છે. તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે વડાપ્રધાનએ આપેલા સંકલ્પને પાર પાડવા સૌ દેશવાસીઓ સાથે મળીને ''એક બની, નેક બનીને'' આગળ વધે તેવી અપેક્ષા વ્યક્ત કરતાં છઠ મહાપર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. છઠ મહાપર્વ આયોજન સમિતિના ટ્રસ્ટી લલિત કુમાર ઝાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને પૂજા ઉત્સવની મહત્વતા વર્ણવી હતી. આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, સ્ટે.કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી, અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ, અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર, રાજ્યના પૂર્વ મંત્રી આઈ.કે. જાડેજા, પ્રદીપ પરમાર અને બિહાર સહિતના રાજ્યોના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભેસાણ પોલીસ સ્ટેશનનો બનાવ : રજૂઆત કરવા પોલીસ સ્ટેશનને પહોંચેલા શખ્સે ફિનાઈલના કોગળા કર્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

ભેસાણ પોલીસ સ્ટેશન ખાતે ગઈકાલે સવારે ૧૦ વાગ્યાથી એએસઆઈ ક્રિષ્નાબા નાનુભા ચુડાસમા પોલીસ સ્ટેશન ઓફિસરની ફરજ ઉપર હતા. અને પીએસઆઈ એમ. એન. કાતરીયા તેમની ઓફિસમાં ગિરનાર પરિક્રમા બંદોબસ્તની સ્કીમ બનાવવા અને જરૂરી વ્યવસ્થા ઊભી કરવા અંગેની કામગીરી કરી રહ્યા હતા. દરમ્યાન સવારે ૧૧: ૧૦ વાગ્યાના સુમારે ભેસાણ તાલુકાના ખારચીયા ગામના મહેશભાઈ નાથાભાઈ સોલંકી પ્રભાબેન અમરાભાઈ સોલંકી નામની મહિલાને લઈને અગાઉ કરેલ અરજી મુદ્દે રજૂઆત કરવા અને પીએસઆઈને મળવા આવ્યા હતા. પીએસઆઈ કાતરીયાએ રૂબરૂ સાંભળ્યા બાદ મહેશભાઈ પોલીસ સ્ટેશનની બહાર જતા રહ્યા હતા અને થોડીવારમાં અચાનક ફરી પોલીસ સ્ટેશનમાં આવી ફિનાઈલના કોગળા કરવા લાગતા તેને પોલીસ સ્ટાફે પકડી બેસાડ્યા હતા પરંતુ જોર જોરથી બુમાબૂમ કરવા લાગતા સરકારી વાહનમાં સારવાર માટે ખસેડ્યા હતા.

આ ઘટના અંગે પોલીસે મહેશ સોલંકી વિરૂધ્ધ બૂમો પાડી પોલીસને સત્તાવાર ફરજ નિભાવવા ફરજ પાડવાના ઈરાદા સાથે આત્મહત્યાનનો પ્રયાસનો ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી.

## ઈકોઝોનની લડતના અંતિમ તબક્કાને મજબૂત બનાવવા આપ નેતા પ્રવીણ રામે જાહેર કર્યો વિશાળ જનસભાનો પ્રોગ્રામ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામે આવતીકાલે શનિવારે સાંજે ૬:૩૦ કલાકે તાલાલા તાલુકાનાં ચિત્રાવડ ગામે ડાયમંડ હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં વિશાળ જનસભા બોલાવી છે. ઈકોઝોનના જાહેરનામાની છેલ્લી તારીખ ૧૮ હોવાથી ૧૮ તારીખ બાદ કેન્દ્રની ભાજપ સરકાર ઈકોઝોનના મુદ્દાને લઈને ગમે ત્યારે નિર્ણય ઉપર આવી શકે છે. ત્યારે



આપનેતા પ્રવીણ રામે લોકોને જણાવ્યું કે ભાજપ સરકાર ઈકોઝોન મુદ્દે કોઈ નિર્ણય કરે એ પેલા એમને ૧૦૦ વાર વિચાર કરવો પડે એ માટે લડતનો અંતિમ ઘા ખુબ મજબૂત હોવો જોઈએ. આ વિશાળ જનસભામાં ગીરના લોકોને આમંત્રિત કરતા આપનેતા પ્રવીણ રામે જણાવ્યું કે એટલી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત થાવ અને અંતિમ ઘા એવો મજબૂત મારો કે ભાજપ સરકારને ઈકોઝોન નાબૂદ કરવા માટે મજબૂર થવું પડે.

## ગિરનારની લીલી પરિક્રમાને અનુસંધાને પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરિક્રમા શરૂ થવાને હવે ગણતરીના દિવસો જ રહ્યા છે ત્યારે પરિક્રમા અંગે તંત્ર દ્વારા તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. આ દરમ્યાન ગિરનાર પરિક્રમા અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની પૂર્વ તૈયારીના ભાગરૂપે જૂનાગઢ શહેરના વિસ્તાર, ભવનાથ વિસ્તાર તથા પરિક્રમાના જંગલના રોડ ઉપર પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવેલ હતું.

## ગીર-સોમનાથ એલસીબી પોલીસે પ્રભાસ-પાટણ ખાતે જુગાર દરોડો : પાંચ ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૮

ગીર-સોમનાથ જીલ્લા એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એ.બી. જાડેજા તથા જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની દુષણો ડામવા સુચના અન્વયે એલસીબી ગીર-સોમનાથના ગોવિંદ વંશ, એ.જી. પરમાર, એન.કે. ગોહિલ તથા સ્ટાફે પ્રભાસ-પાટણના વેણેશ્વર સોસાયટી પાસે આવેલ બાવળની કાંટ નીચેની ખુલ્લી જગ્યામાં ગંજીપત્તાથી હાર-જીતનો જુગાર રમતા પાંચ શખ્સોને કુલ રૂપીયા ૨૩,૪૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડી ઉદય કે. વાજા રહે.કાજલી, મહેષ બાબુભાઈ વાજા રહે.પ્રભાસ-પાટણ, ભરત નારણ વાજા રહે.પ્રભાસ-પાટણ, અશોક ગોવિંદ ગઢીયા રહે.પ્રભાસ-પાટણ, રવિ કરસન મેર રહે.બોળાસ સામે પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરેલ છે.

## સ્વામી લીલાશાહની પૂણ્યતિથી નિમિતે પ્રાર્થનાની ફ્રેમિંગનું વિતરણ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮ :

સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢના ચેરમેન રમેશકુમાર શેવકાણી સતત ૪૪ વર્ષથી સમાજ સેવા કરતા રહ્યા છે. દરમ્યાન સ્વામી લીલાશાહની પુણ્યતિથી નિમિતે સ્વામી લીલાશાહ મહારાજની પ્રાર્થના તૈયાર કરાવી તથા ફ્રેમિંગ કરાવી વિનામૂલ્યે વિતરણનો કાર્યક્રમ સત્યમ સેવા યુવક મંળના પ્રમુખ મનસુખભાઈ વાજાના હસ્તે કરવામાં આવેલ. આ તકે મેઘનાથીભાઈ, રમેશકુમાર શેવકાણી તથા અન્ય મિત્રો હાજર રહ્યા હતા.

## શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે આવતા વિખુટા થયેલ યાત્રાળુઓને શોધી આપતી બેટ દ્વારકા પોલીસ




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૮

રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય તથા દ્વારકા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડની સૂચના આપેલ હોય કે દ્વારકાધીશ મંદિર ખાતે દિવાળી વેકેશન દરમ્યાન બહોળા પ્રમાણમાં યાત્રાળુઓ આવતા હોય જે સંદર્ભે બેટ દ્વારકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરી યાત્રાળુને જરૂર જણાય પુરતી મદદ કરવા સુચના આપેલ હોય જે અંતર્ગત બેટ દ્વારકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર કે.એસ.પટેલના માર્ગદર્શન મુજબ બેટ દ્વારકા પોલીસે જરૂરી બંદોબસ્ત રાખી બેટ દ્વારકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જાળવી રાખેલ તેમજ તા.૨૬-૧૦-૨૦૨૪ થી તા.૬-૧૧-૨૦૨૪ સુધી દિવાળી વેકેશનમાં શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે દર્શન કરવા આવતા યાત્રાળુઓ વિખુટા પડી જતા બેટ દ્વારકા પોલીસની SHE Team દ્વારા તાત્કાલીક કાર્યવાહી હાથ ધરી હ્યુમન રીસોર્સની મદદ લઈ જુદા જુદા યાત્રાળુઓના વિખુટા પડી ગયેલ કુલ ૭ બાળકો તથા કુલ ૫ વૃધ્ધ માણસોને શોધી આપી તેમના પરીવાર સાથે ભેટ કરાવેલ તેમજ બેટ દ્વારકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાતે જુદા જુદા યાત્રાળુઓના ગુમ થયેલ મોબાઈલ ૧, પર્સ ૧ શોધી આપી મુળ માલીકને સોંપી આપેલ હતા. આ ઉપરાંત વિકલાંક શ્રધ્ધાળુ તથા સીનીયર સીટીઝન શ્રધ્ધાળુઓને લાઈનથી અલગ લઈ જઈ શ્રી દ્વારકાધીશના દર્શન કરાવેલ હતા.

## ખંભાળિયામાં જલારામ જયંતિ નિમિત્તે અનેરા ઉમંગનો માહોલ




### જલારામ મંદિરને અનેરા સાજ શણગાર : વિવિધ ધાર્મિક આયોજનો થયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

સંત શિરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતી નિમિત્તે આજરોજ ખંભાળિયામાં અનેરા ઉમંગ ઉત્સાહનો માહોલ સર્જાયો હતો આ પ્રસંગે શ્રીનાથજીની ઝાંખી, અન્નકૂટ, નૂતન ધ્વજારોહણ, મહાપ્રસાદ સાથે પરંપરાગત શોભાયાત્રાના પણ આયોજનો કરવામાં આવ્યા હતા. જલારામ જયંતિના પાવન પર્વે અહીંના જલારામ મંદિરને આકર્ષક રોશની તેમજ ડેકોરેશનથી શણગારવામાં આવ્યું છે. જલારામ જયંતીની પૂર્વ સંધ્યાએ ગતરાત્રે જલારામ મંદિર ખાતે શ્રીનાથજીની ઝાંખીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં જલારામ ભક્તો જોડાયા હતા. જલારામ જયંતીને અનુલક્ષીને આજે સવારથી જ જલારામ મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. મોટી સંખ્યામાં જલારામ ભક્તોએ મંદિરની ૧૦૮ પ્રદક્ષિણા કરીને આસ્થા વ્યક્ત કરી હતી. આ સાથે પુ. જલારામ બાપાને અનેકવિધ વાનગીઓ સાથેનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ઉપરાંત નૂતન ધ્વજારોહણ તેમજ બપોરે જલારામ મંદિર ખાતે સમુહ પ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ જલારામ મંદિર પરિસરમાં પૂજ્ય બાપાની વિશાળ અને આકર્ષક રંગોળી બનાવવામાં આવી હતી. જલારામ જયંતિને અનુલક્ષીને આજરોજ સાંજે રઘુવંશી જ્ઞાતિના તરુણો, યુવાઓ માટે થેલેસેમિયા કેમ્પ તેમજ સાંજે જલારામ મંદિર ખાતેથી વિશાળ શોભાયાત્રા અને રાત્રે રઘુવંશી જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો માટેના સમૂહ ભોજન (નાત) ના આયોજન માટે જ્ઞાતિના આગેવાનો, કાર્યકરો દ્વારા લોહાણા મહાજનના વડપણ હેઠળ નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ખંભાળિયા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ જલારામ જયંતીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

## કલેકટર કચેરી ખંભાળીયા ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિકારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરતા મંત્રી મુળુભાઈ બેરા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૮

પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવત્તિઓ, વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિકારીઓ સાથે કલેકટર કચેરી ખંભાળીયા ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ બેઠકમાં મુળુભાઈ બેરાએ અધિકારીઓને નવું વર્ષ શુભમય રહે તે માટેની શુભેચ્છા પાઠવી હતી. કર્મયોગીઓને જનસેવાના કામોને અગ્રીમતા આપવા પણ જણાવ્યું હતું. વિકાસના કામો માટે તમામ પ્રકારનો સહયોગ મળશે, તેવું જણાવી મંત્રીએ અધિકારીઓ, કર્મચારીઓ સાથે જિલ્લાના વિકાસ અને જન સુખાકારીના કામોની રૂપરેખા રજુ કરી હતી. નિર્ધારિત પ્રકલ્પો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં પૂર્ણ કરવા કટીબધ્ધ છે તેમ પણ જણાવ્યું હતું. મંત્રીએ અધિકારીઓ અને




પદાધિકારીઓને સંકલનથી કામ કરવા જણાવી પ્રજાલક્ષી કાર્યોમાં બન્ને પાંખનું કામ એક રથના બે પૈડા જેવું છે, તેમ જણાવી સંકલનથી જો કામ કરવામાં આવે તો કામ ઝડપથી પૂર્ણ થાય છે. મંત્રીએ પ્રજાલક્ષી કાર્યોમાં અને વિકાસલક્ષી કામો માટે મેં નહીં હમની ભાવના સાથે કામ કરવા પણ દિશાદર્શન કર્યું હતું. મંત્રીએ છેવાડાના લોકોને વધુ ને વધુ લોકસુવિધા કઈ રીતે મળી શકે તે માટે સંવેદનાપૂર્વક ચર્ચા કરી હતી. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, સાચા કામમાં ખોટો વિલંબ કરવો નથી. અરજદારોને વધુને વધુ સુવિધા મળે અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈ-ગવર્નન્સ, ગુડ ગવર્નન્સનો લાભ મળે તે માટે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત દ્વારકા તીર્થસ્થળે થઈ રહેલા પ્રવાસનલક્ષી કામો અને આગામી આયોજનોની રૂપરેખા મંત્રીએ આપી હતી. આગામી સમયમાં જિલ્લો પ્રવાસન ક્ષેત્રે અગ્રેસર બનશે તેવી ઉમદા આશા પણ વ્યક્ત કરી હતી. આ બેઠકમાં કલેકટર જી. ટી.પંડયાએ મંત્રીની સાથે અગાઉ કરેલા લોકસેવા અને સરકારની યોજનાકીય કામગીરીની અમલવારી બાબતે પ્રજાલક્ષી અભિગમના સંસ્મરણો રજુ કરી રાજય સરકાર વિવિધ વિકાસલક્ષી કાર્યો માટે કટીબધ્ધ છે અને તે અંગે મંત્રી મુળુભાઈ બેરાનું સતત આ જિલ્લાને માર્ગદર્શન મળતું રહેશે અને લોકસુવિધાઓમાં વધારો થશે તે અંગે ખુશી વ્યક્ત કરી જિલ્લાની ટીમ જનસુવિધા માટે તેમજ યોજનાઓનો લાભ આપવા માટે કાર્યરત છે તે અંગે કટીબધ્ધતા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં આર.સી.એમ મહેશ જાની, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા, ખંભાળિયા પ્રાંત અધિકારી કે.કે.કરમટા, નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડ, પંચાયત, રેવન્યુ, આરોગ્ય, સિંચાઈ, માર્ગમકાન વિભાગ, પાણી પુરવઠા, વાસ્મો સહિત જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લોકોની અપેક્ષા પ્રમાણે નિર્ધારિત સમયમાં જનસેવાના કાર્યો પૂર્ણ કરીએ : મંત્રી મુળુભાઈ

# ગિરનાર પરિક્રમાર્થીઓ માટે રૂટ જાહેર : ભાવિકોએ નિયત રૂટ ઉપર જ પરિક્રમા કરવી

## વન્યપ્રાણીઓના ખતરાને ધ્યાને રાખી પરિક્રમાર્થીઓએ ભવનાથ, જીણાબાવાની મઢી, માળવેલા, બોરદેવી સિવાય અન્ય કોઈ પડાવ ખાતે રાત્રિ રોકાણ કરવું નહીં : ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન પ્રતિબંધિત પ્લાસ્ટિક સાથે ન લાવી પ્રકૃતિની જાળવણી કરીએ

જૂનાગઢ, તા.૮

ગરવા ગિરનાર પરિક્રમમાં પુણ્યનુ ભાથુ બાંધવા માટે લાખો ભાવિકો માટે ઉમટી પડે છે. આ પરિક્રમા ગિરનાર અભયારણ્ય વિસ્તાર હોવાથી અને પ્રકૃતિને નુકસાન ન પહોંચે તે માટે શ્રદ્ધાળુઓએ વિશેષ નિયમો પાલન કરવાનું રહે છે. આ માટે વન વિભાગ દ્વારા ગિરનાર પરિક્રમાનો નિયત રૂટ જાહેર કરવાની સાથે શ્રદ્ધાળુઓએ પાલન કરવાના આવશ્યક નિયમો-જાહેર સૂચનાઓ પણ બહાર પાડી છે.

**આ રહ્યો, ગિરનાર પરિક્રમા માટે નિયત કરાયેલ રૂટ**


ગિરનાર લીલી પરિક્રમા ભવનાથથી પ્રારંભ થાય છે. ભવનાથ થી રૂપાયતન સુધીનો રસ્તો, રૂપાયતનથી ઈંટવા સુધીનો માર્ગ, ઈંટવાથી ચાર ચોક થઈ જીણાબાવાની મઢી સુધીનો રસ્તો, જાંબુડી થાણાથી ચાર ચોક સુધીનો રસ્તો, જીણાબાવાની મઢીથી માળવેલા સુધીની કેડી, ઝીણા બાવાની મઢીથી સરકડીયા હનુમાન સુધીની કેડી, માલીડાથી પાટવડ કોઠા થઈ સુરજકુંડ સુધીનો રસ્તો, સુરજ કુંડથી સરકડીયા સુધીનો રસ્તો, સુરજ કુંડથી સુખનાળા સુધીનો રસ્તો, સુખનાળાથી માળવેલા સુધીની કેડી, માળવેલાથી નળપાણીની ઘોડીની કેડી, નળપાણી ઘોડીથી નળપાણીની જગ્યા સુધીની કેડી, નળપાણી જગ્યાથી બોરદેવી ત્રણ રસ્તા સુધીની કેડી, ત્રણ રસ્તાથી બોરદેવી અને બોરદેવીથી ભવનાથ સુધીનો રસ્તો. આમ



ભવનાથમાં આ ૩૬ કિ.મી.ની પરિક્રમા પૂર્ણ થાય છે.

**ગિરનાર પરિક્રમા દરમિયાન શ્રદ્ધાળુઓએ પાળવાના નિયમો**

ગિરનાર વન્યપ્રાણી અભ્યારણમાં પરિક્રમા દરમિયાન નક્કી કરાયેલ રસ્તા અને કેડીઓ સિવાય અન્ય વન્યપ્રાણી અભ્યારણ વિસ્તારમાં કોઈએ પ્રવેશ કરવો નહીં, વન્યપ્રાણીઓને ખલેલ પહોંચાડવો કે છંછેડવા નહીં, જંગલને તથા વન્યજીવોને નુકસાન થાય તેવા કૃત્યઓ પણ કરવા નહીં, વન્ય પ્રાણી અભયારણ્યમાં વૃક્ષો વનસ્પતિ વાસ વગેરેને કાપવા નહીં તેમજ જંગલમાં કેડી રસ્તા ઉપર અગ્નિ સળગાવવા નહીં, સાથે જ ઘોંઘાટ સાથે થતા અધાર્મિક નાચગાનની પ્રવૃત્તિઓ પણ સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે.





ગિરનાર અભયારણ્ય વિસ્તાર સિંહ, દીપડા જેવા વન્ય પ્રાણીઓનો વિસ્તાર હોવાથી પરિક્રમાર્થીઓએ પરિક્રમા રૂટ સિવાય અન્ય ગિરનાર અભયારણ્યના ભાગમાં પ્રવાસ કરવો નહીં. ઉપરાંત ગિરનાર પરિક્રમાના નિયત પડાવ ભવનાથ, જીણાબાવાની મઢી, માળવેલા, બોરદેવી સિવાય અન્ય જગ્યાએ રાત્રિ રોકાણ કરવું નહીં.


ગિરનાર પરિક્રમામાં સ્ફોટક પદાર્થ, ફટાકડા તથા ઘોંઘાટ થાય તેવા સ્પીકરો રેડિયો વગેરે સાથે લઈ જવા પર પણ પ્રતિબંધ છે, વ્યવસાયિક ધંધાના કે જાહેરાતના હેતુ માટે છાવણી કે તંબુ રેકડી સ્ટોલ રાખવાની સખત મનાઈ છે, અભયારણ્ય વિસ્તારમાં પ્લાસ્ટિક થેલી કે બેગનો ઉપયોગ કરવા પણ મનાય છે. આ સાથે પાન, માવા, ગુટકા, તંબાકુ, બીડી, સિગારેટ વગેરેના વેચાણ તેમજ વપરાશ માટે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ અભયારણ્ય વિસ્તારમાં પાણીના સ્ત્રોતોમાં સાબુ, શેમ્પૂ, ડિટરજન્ટ પાવડરનો ઉપયોગ કરવો નહીં અને જમીન પ્રદૂષિત કરવી નહીં.


ઉપરાંત અગ્ર મુખ્ય વન સંરક્ષક કચેરી, ગાંધીનગરના આદેશ દ્વારા પણ વન્ય પ્રાણી અભયારણ્ય કે રાષ્ટ્રીય ઉદ્યાનના વિસ્તારમાં પ્લાસ્ટિક ઉત્પાદનો, પેદાશ, ચીજ વસ્તુઓ, પેકિંગ મટીરીયલ્સ વગેરે લઈને પ્રવેશ કરવા તથા ફેકવા પર પ્રતિબંધ છે.

વધુમાં પરિક્રમાના સમય પહેલા અને પછીના સમય તથા પરિક્રમા દરમિયાન સરકારી ફરજ પર રોકાયેલા સરકારી વાહનો તેમજ વન વિભાગ મારફત પરવાનગી મેળવેલ હશે તે સિવાયના કોઈપણ પ્રકારના વાહનોને જાહેર રસ્તા કે કેડી ઉપર અવર-જવર ઉપર પ્રતિબંધ રહેશે. આમ, જાહેર સૂચનાઓનું ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ -૧૯૭૨ની વિવિધ કલમોની જોગવાઈ અંતર્ગત કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# સોમનાથ - ભાવનગર ફોર ટ્રેકમાં અધૂરા કામો છતાં ૬૩ કી.મી.માં ૩-૩ ટોલનાકા કાર્યરત

**કોડીનારના સામાજિક આગેવાનો લાલઘુમ : કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરાઈ**





૬૩ કિલોમીટરમાં ત્રણ ટોલ નાકા શરૂ થતાં સ્થાનિકો અને ગીરમાં આવતા પ્રવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૮

ગીર સોમનાથ જીલ્લા માંથી પસાર થતાં સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે ફોર ટ્રેક ના સોમનાથ થી ઉના સુધીના હાઈવે ઉપર અનેક જગ્યાએ અધૂરા કામો હોવા છતાં તંત્ર દ્વારા ૬૩ કી.મી.ના અંતર માં ત્રણ ત્રણ ટોલ નાકા કાર્યરત કરી દેવાતા કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સ અને કોડીનારના સામાજિક આગેવાનો દ્વારા આ અંગે સખત શબ્દોમાં વિરોધ કરી માર્ગ અને પરિવહન વિભાગ મંત્રી નીતિન ગડકરી અને ગુજરાતના મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જણાવ્યા મુજબ સોમનાથથી ભાવનગર સુધીનો ફોર લેન હાઈવે નું કામ ગોકળ ગાયની ગતિ એ ચાલી રહ્યું હોય નિયત સમય કરતાં ત્રણ ગણો સમય વિતી જવા છતાં આજે પણ અનેક ફલયાઓવરો, બાયપાસો, સર્વિસ રોડ, સિક્યોરિટી દીવાલો, હાઈવે હોર્ડિંગો જેવા અનેક કામો અધૂરા હોવા છતાં હાઈવે ઓથોરિટી દ્વારા નિયમ વિરૂધ્ધ ૬૩ કી.મી.ના હાઈવે ઉપર ત્રણ ત્રણ ટોલ નાકા ડારી, સુંદરપરા અને વેળવા ટોલ બુથ ઊભા કરી કાર્યરત કરી ભારે ટોલ ઉઘરાવવાનું શરૂ કરી દીધું હોય ૬૦ કી.મી.માં એક ટોલના નિયમ મુજબ એક ટોલ બુથ કરવા અને બાકીના ટોલ બુથને સત્વરે બંધ કરવા તેમજ જિલ્લાના વાહન ચાલકોને ૫૦ ટકા ટોલ પાસની સુવિધા અને ટોલ બુથના આજુબાજુના ગામોના વાહન ચાલકોને ફ્રી પાસ આપવા માંગણી કરવામાં આવી છે.

વધુમા ગીરમાં આવતા પ્રવાસીઓએ જણાવ્યું હતું કે એક વેરાવળ નજીક ડારી બીજું પણ વેરાવળ નજીકનું સુંદરપરા અને ત્રીજું કોડીનાર નજીક વેળવા પાસે ટોલનાકુ બન્યું અને ટોલ ઉઘરાવવાનું શરૂ પણ કરી દીધું. હજુ હાઈવેનું કામ પણ અધૂરૂ છે.ત્યાં જ મસમોટો ટોલ ઉઘરાવવાનું શરૂ કરી દેવાતા પ્રવાસીઓ અને સ્થાનિકોમાં કચવાટ જોવા મળી રહ્યો છે.થોડા સમય પહેલા કેન્દ્રીય વાહન વ્યવહાર અને રોડ મંત્રી નીતિન ગડકરીએ સંસદમાં કહ્યું હતું. '૬૦ કિલોમીટર પછીજ બીજું ટોલનાકુ હશે. સ્થાનિકોને રાહત મળશે.' પરંતુ ટોલ સંચાલકો દ્વારા આ બાબતની અવગણના થતી હોવાની લોકોમાં ચર્ચા જાગી છે. વર્તમાન સમયમાં ગીરમાં શરૂ થયેલા ટોલ સંદર્ભે લોકો કહી રહ્યા છે કે, 'નેશનલ હાઈવે ઓથોરિટી સરકારનું પણ માનતી ન હોય તેવું લાગી રહ્યું છે. અને મનસ્વી રીતે ટોલ ઉઘરાવાઈ રહ્યો છે જેને કારણે સ્થાનિકોમાં અને પ્રવાસીઓમાં રોષ વ્યાપ્યો છે. તો સોમનાથથી દિવ જતા કે ભાવનગરથી દ્વારકા જતા પ્રવાસીઓને ખૂબ ટૂંકા અંતરે આવેલા ગીરનાં આ ત્રણેય ટોલનાકે અઢળક ટોલ ભરવો પડે છે.જેની સામે રોડ તો હજુ અધુરો છે.સુવિધાના નામે મીંડું છે.આમ છતાં જે ટોલ ઉઘરાવાઈ રહ્યો છે તે ન્યાયિક બાબત નહીં હોવાનું પ્રવાસીઓ જણાવી રહ્યા છે. ટોલબુથ થી માત્ર ૨૦૦ મીટરના અંતરે રહેતા ગામના લોકો ને પણ ટોલ ભરવો પડે અને તે પણ એક દિવસમાં ત્રણથી ચાર વખત તો સ્વાભાવિક છે આકરૂ તો લાગે. જિલ્લા મથકે પોતાના કામ સંદર્ભે વિવિધ કચેરીઓમાં જવાનું થાય ત્યારે એક દિવસમાં ઘણી વખત ગ્રામ્ય પ્રજાએ જવું પડતું હોય છે.ઘરની ગાડી હોય તેનો મતલબ એ તો નથી કે એકજ દિવસમાં વારંવાર ટોલ ભરવો.! સ્થાનિકો માટે માસિક પાસની વ્યવસ્થા પણ હજુ અહીંના ટોલનાકાઓ પર શરૂ કરી નથી. રોડ અધૂરા છે.અનેક ડાઈવર્ઝન પણ હજુ છે. હાઈવેની કામગીરી મંથર ગતિએ ચાલી રહી છે.

આમ છતાં ઝડપ થી ટોલનાકાઓ ઉભા કરીને ટોલ ઉઘરાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે તેનાથી સ્થાનિક પ્રજા અને પ્રવાસીઓમાં પણ નારાજગી પ્રવર્તે છે.જે ઝડપે ટોલનાકા ઉભા કરવામાં આવ્યા તે ઝડપ હાઈવે ઓથોરિટી રોડ બનાવવામાં કેમ નથી દર્શાવતી. ? તે યક્ષ પ્રશ્ન બન્યો છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, 'આ સંદર્ભે હવે સરકારે જાગૃત થવું રહ્યું અન્યથા હાઈવે ઓથોરિટીના કર્મનું ફળ સરકારે ભોગવવું પડશે.

# ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન સેવાકીય સંસ્થાઓએ લાકડાનો નહી, ગેસનો ઉપયોગ કરવાનો રહેશે

**જંગલ, વન્યપ્રાણી અને પર્યાવરણની હિતને જાળવણી સાથે વન વિભાગ દ્વારા સેવાકીય સંસ્થાઓને અપાતી જરૂરી મંજૂરીઓ**

જૂનાગઢ, તા.૮

ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ભાવિકોની સેવા માટે આવતી સેવાભાવી સંસ્થાઓને નિયત શરતોના આધીન વન વિભાગ દ્વારા મંજૂરીઓ આપવામાં આવી રહી છે. આ સેવાભાવી સંસ્થાઓએ પરિક્રમા પૂર્ણ થયા બાદ સેવાકીય પ્રવૃત્તિઓ થકી કચરો ઉત્પન્ન થયો હોય તે તમામ સફાઈ કરી કચરો ગિરનાર અભયારણ્યમાંથી બહાર લઈ જવાનો રહેશે.

વન વિભાગ દ્વારા પરિક્રમાના સમય દરમ્યાન સેવામાં આવેલ સેવાભાવી સંસ્થાઓને અન્નક્ષેત્ર, પાણીના પરબ વગેરેને નિયત શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે. તે જ સંસ્થાઓ જંગલ વિસ્તારમાં રાવટી નાખી શકશે અને ક્ષેત્રમાં લાકડાના બદલે જે ગેસનો ઉપયોગ કરશે. તેવા અન્નક્ષેત્રોને જ મંજૂરી આપવામાં આવશે અને તેમના માટે જ વાહનની મંજૂરી આપવામાં આવશે. આ વાહનોને સામાન ઉતાર્યા બાદ જંગલ ભાગમાંથી બહાર નીકાળી લઈ જવાના રહેશે.

પરિક્રમા પૂર્ણ થયા બાદ રાવટી, અન્ન ક્ષેત્ર ખોલનાર સંસ્થાએ તેમની સેવાકીય પ્રવૃત્તિઓ થકી કચરો ઉત્પન્ન થયો હોય તે તમામ સફાઈ કરી કચરો ગિરનાર અભયારણ્યમાંથી બહાર લઈ જવાનો રહેશે. અન્નક્ષેત્ર -ઉતારાની સેવા આપતી સંસ્થાઓને ફક્ત માલસામાન વાહતુક કરવા પરમિટ આપવામાં આવશે. વાહન સાથે ફક્ત સંસ્થાનો ફોટો આઈડેન્ટી કાર્ડ - ઓળખપત્ર ધરાવતા સ્વયં સેવકોને જ પ્રવેશ આપવામાં આવશે.

આ સંદર્ભે કોઈ ફરિયાદ હોય તો પરિક્રમાના નોડલ ઓફિસર મદદની સંરક્ષક, જૂનાગઢ મોબાઈલ નં.૭૫૬૭૩૦૬૧૬૪ અથવા ડિવિઝન કચેરી, સરદાર બાગ-જૂનાગઢ ફોન નં. ૦૨૮૫-૨૬૩૧૧૮૨ ઉપર સંપર્ક સાધવાનો રહેશે.

# નહીં રહે કોઈ પરિવાર ભુખ્યો-એ જ અમારો સંકલ્પ સિદ્ધેશ્વર સત્સંગ મંડળ જોષીપરા જૂનાગઢ

## સર્વ માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા માટે હરીહરી અન્નક્ષેત્રનો પ્રારંભ

જૂનાગઢ, તા.૮

ભોજલરામબાપા અને જલારામબાપાનાં સેવાકર્મોના પદચિન્હો જાળવી રાખીને શ્રી સિદ્ધેશ્વર સત્સંગ મંડળ જોષીપરા જુનાગઢ દ્વારા હરિહર અનક્ષત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. જુનાગઢ શહેરના રાધાનગર સોસાયટીમાં શ્રી મહાપ્રભુજીની હવેલી પાસે, એટલે કે કન્યા છાત્રાલયની પાછળ જોષીપરા જુનાગઢ ખાતે જુનાગઢ શહેરના પ્રબુધ્ધ નગરજનો, રાજકીય અગ્રણીઓ, સેવાભાવી સંસ્થાના હોદેદારો, સંતગણની ઉપસ્થિતિમાં આઠમી નવેમ્બર શુક્રવારના રોજ થી નિત્ય સવારે ૧૧-૦૦ વાગ્યાથી બપોરના ૨-૦૦ વાગ્યા સુધી ભૂખ્યાને ભોજન મળી રહે તે માટે નિઃશુલ્ક અન્નક્ષેત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. સિદ્ધેશ્વર સત્સંગ મંડળ જોષીપરા જૂનાગઢના શ્રીમતી મીનાબેન સુખડિયા, છગનભાઈ સાંગાણી, ભરતભાઈ રામાણી, કિશોરભાઈ બાંભરોલીયા, ચંદુભાઈ કરસનભાઈ સુહાગિયા, રમેશભાઈ પોશિયા તેમજ સિદ્ધેશ્વર સત્સંગ મંડળના સૌ સભ્યો અને અન્નક્ષેત્રનાં સેવા પ્રકલ્પ સાથે તન-મન-ધન અને વિચારથી જોડાયેલા સૌ સહયોગીઓ દ્વારા અન્નક્ષેત્રનો પ્રારંભ થઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે જુનાગઢ શહેરના જોષીપરા અને આસપાસના વિસ્તારની વિધવા, ત્યકતા, ગરીબ પરિવારની બહેનો હોય કે અતિ નબળી આર્થિક સ્થિતિમાં જીવતા લોકો હોય તેમના ઘરે અનાજના અભાવે ચૂલો ન સળગે એવું ન બને તે માટે શ્રી સિદ્ધેશ્વર સત્સંગ મંડળ દ્વારા છેલ્લા એક દાયકાથી દર મહિને એક રાશનની કીટ બનાવી અને તેમના ઘરે પહોંચતી કરવામાં આવે છે. રાશનની કીટ મળવાથી ગરીબ અને જરૂરીયાત ધરાવતા અનેક પરિવારોને જીવન નિર્વાહ માટે ખૂબ ઉપયોગી પુરવાર થઈ રહી છે. વિધવા બહેનો અને કામ ના કરી શકે તેવા પરિવારની મજબૂરી હોય તેમને ભોજન બનાવવા માટે પરોક્ષ રૂપે સિદ્ધેશ્વર સત્સંગ મંડળ સહાયરૂપ બનતું રહ્યું છે.સિધ્ધેશ્વર સત્સંગ મંડળના સભ્યો દ્વારા એવું નક્કી કરવામાં આવ્યું કે સંત શ્રી ભોજલરામબાપા અને જલારામબાપાની જીવનપથની પ્રેરણા લઈને આપણે એવું કંઈક કરીએ કે આપણા નગરમાં કોઈ ભોજનના અભાવે ભુખ્યું ના રહે અને આપણે તેમના આંતરડાને ઠારીએ તેવું કંઈક કરીએ, બસ આ વિચાર શ્રી સિદ્ધેશ્વર સત્સંગ મંડળ સભ્યોએ શ્રી હરિહર અન્નક્ષેત્રને સાકાર કરવા સુધી લઈ ગયો. શુક્રવાર આઠમી નવેમ્બરના રોજ શ્રી હરિહર અને ક્ષેત્ર કાર્યાન્વીત થઈ રહ્યું છે આ અન્નક્ષેત્રમાં કોઈ પણ વ્યક્તિ નાત-જાત-ધર્મના ભેદભાવ વગર વિનામૂલ્યે ભોજન માટે જઈ શકે છે. અહીં સેવાભાવી વ્યક્તિઓ સતત સેવા કરશે, અને જૂનાગઢના કોઈ વ્યક્તિ ભૂખ્યો ન રહે તે દિશામાં કાર્યરત રહેશે.સિધ્ધેશ્વર અન્નક્ષેત્રનાં કાર્યકર્તા અને વનસાસી કલ્યાણ પરિષદ સાથે સેવાથી સંકળાયેલ છગનભાઈ સાંગાણી અને ચંદુભાઈ સુવાગિયાએ જણાવ્યુ હતુ કે કળિયુગમાંદાનનોવિશેષમહિમા છે. જેમાં અન્નદાન,ભૂમિદાન, ગૌદાન, સુવર્ણદા, અંગદાન, જેવા અનેક ક્ષેત્રોમાં દાન કરવાથી કોઈનું ભલુ થાય છે. પણ સર્વ દાનમાં અન્નદાન એટલે કે ભુખ્યાને ભોજન કરાવવાનું દાન સર્વ શ્રેષ્ઠ છે.ભુખ્યાને ભોજન મળ્યાથી તૃપ્તી થયાનો સુખનો અહેસાસ કંઈક અનેરો હોય છે. આ લોકમાં સર્વેદાનોમાં પણ અન્ન દાન સર્વ કરતાં શ્રેષ્ઠ કહ્યું છે, કારણ કે અન્ન છે તે પ્રાણીઓના પ્રાણ છે. એથી અન્નનું દાન કરનાર પ્રાણનું દાન કરનારો કહેલો છે, અને કળિયુગમાં અન્ન સમા પ્રાણ કહેલા છે,બ્રહ્માજીએ અન્નને અમૃત કહેલું છે,કોઈ ભૂખ્યાજનને જોઈ, જે ગૃહસ્થ સ્વય ઉપવાસ કરીને પણ અન્નાર્થીને અન્ન- ભોજન આપી દે છે, તેજ ખરો ધર્મવેત્તા છે, શરીર સંબંધી પંચધાતુ અન્નના અભાવમાં ક્ષીણ થઈ જાય છે, આ લોકમાં બલવાન મનુષ્યનું બળ અન્નના અભાવમાં નાશપામી જાય છે.પ્રાણી માત્ર અન્નથી જ જીવે છે. જેથી બુદ્ધિશાળી મનુષ્યે ધર્મને અર્થે પણ અન્નનું દાન કરવું.અન્નદાન કરનાર મનુષ્યનું શરીરનું બળ અને ઈન્દ્રિયોનું બળ-ઓજ, અને પુણ્ય ત્રણે લોકમાં નિરંતર વૃદ્ધિ પામતાં રહે છે. એટલું જ નહિ યશકીર્તિ પણ વૃદ્ધિ પામતી રહે છે.આવુ શાસ્ત્રોમાં જ્યારે ઉલ્લેખીત છે ત્યારે ભવનાથ તિર્થક્ષેત્રમાં શિવરાત્રી અને પરિક્રમા દરમ્યાન અનેક સેવાભાવી લોકો અન્નક્ષેત્રનાં માધ્યમે લોકસેવા કરતા રહે છે. બસ આવા જ ભાવ સાથે અમારા સિધ્ધેશ્વર સત્સંગ મંડળ દ્વારા હરીહર અન્નક્ષેત્ર ભુખ્યાને ભોજન કરાવવા સદૈવ ત્તત્પર હશે. અને અમોને કશુંક સેવાભાવથી કર્યાનો સંતોષ રહેશે.

# અદાણી મુંદ્રાપોર્ટે ઓક્ટોબરમાં કાર્ગો સંચાલનમાં સર્વોચ્ચ માસિક બેન્ચમાર્ક સેટ કર્યો

અમદાવાદ,તા.૮

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) એ ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિક કંપની છે.અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) સંચાલિત પોર્ટ એન્ડ લોજિસ્ટિક સર્વિસિસમાં ઓક્ટોબર મહિના દરમિયાન ઓપરેશનલ કામગીરીમાં વધારો નોંધાયો છે. APSEZ સમગ્ર પોર્ટો ખાતે ઓક્ટોબરમાંકુલ ૩૭.૯ મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગોનું સંચાલન કર્યું હતું.આ સાથે કંપનીના YTD (વર્ષ-ટુ-ડેટ) કાર્ગો હેન્ડલિંગમાં વધારો થયો છે. કચ્છ સ્થિત મુંદ્રા બંદરની વાત કરીએ તો, મુંદ્રા બંદરે CT - T2 એઓક્ટો-૨૦૨૪માં ૧,૧૮,૩૯૭ કન્ટેનરતથા ૬૫ જહાજોનો નવો સર્વોચ્ચ માસિક બેન્ચમાર્ક સેટ કર્યો હતો.મુંદ્રા પોર્ટના કન્ટેનર ટર્મિનલ્ ૨ ખાતે AMCT T2 એ અગાઉ જુલાઈ ૨૦૨૪માં ૯૮,૭૨૫ કન્ટેનર અને ૫૫ જહાજોનું સર્વોચ્ચ સંચાલન કર્યું હતું. આ ઉપરાંત અદાણી રેલ્વે સર્વિસિસમાં મુન્દ્રા પોર્ટે ઓક્ટોબર-૨૦૨૪માં કુલ ૧,૮૫૭ ટ્રેનોમાંથી ૨૪૬ ગુડ્સ ટ્રેન, ૧,૬૧૧ કન્ટેનર ટ્રેનો (૮૩૨ નિકાસ અને ૧૦૨૫ આયાત) થવા પામી હતી, જે અગાઉના ગુડ્સ અને કન્ટેનર ટ્રેન સહિત કુલ ૧,૮૫૨ ટ્રેનોના સંચાલનનો રેકોર્ડ તોડીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. મુન્દ્રા પોર્ટ ખાતે SPRH ફેસીલીટી ખાતે ૬૬૨ ટ્રેનનું સફળ સંચાલન કર્યુ હતું અત્રે ઉલ્લેખનિય છે કે આ ફેસીલીટી ખાતેમાર્ચ-૨૪માં સૌથી વધુ ૬૬૩ ટ્રેન હેન્ડલિંગ કરવામાં આવ્યું હતું.નાણાકીય વર્ષના પ્રથમ દસ મહિનામાં APSEZનું કાર્ગો વોલ્યુમ ૨૫૭.૭ MMT સુધી પહોંચ્યું હતું, વાર્ષિક ધોરણે તેમાં ૮%નો વધારો થયો છે. APSEZનું લોજિસ્ટિક્સ રેલ વોલ્યુમ ૧૧% YoY વધીને ૦.૩૬ મિલિયન કન્ટેનરનું થયું છે, જ્યારે જનરલ પર્પઝ વેગન ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ વોલ્યુમ વાર્ષિક દરે૧૮% વધીને૧૨.૫ સ્ સુધી પહોંચ્યું છે. APSEZનો જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ નેટ નફો વાર્ષિક ધોરણે ૩૭% વધીને રૂા. ૨,૪૧૨ કરોડ થયો હતો, જે બજારની અપેક્ષાઓને અનુરૂપ હતો. ગત વર્ષના સમાન ગાળામાં તે રૂા.૧,૭૬૧ કરોડવધ્યો હતો. APSEZ એ તાજેતરમાં જૅ પોર્ટ મેન્ટેનન્સ પ્રાઈવેટ લિમિટેડ અને ઓરિસ્સા સ્ટીવેડોર્સ લિમિટેડ પાસેથી ગોપાલપુર પોર્ટ લિ.માં ૯૫% હિસ્સો ટેકઓવર કર્યો છે. બ્લૂમબર્ગના ડેટા અનુસાર APSEZ ઉપર નજર રાખતા ૧૮ માંથી ૧૬ વિશ્લેષકોએ શેરનું'બાય'ટલે કે ખરીદીનું રેટિંગ આપ્યું છે. છેલ્લા ૧૨ મહિનામાં આ સ્ટોક વાર્ષિક ધોરણે ૭૩.૭૩% અને ૩૬.૧૧% વધ્યો છે.

# જૂનાગઢ જીલ્લાનાં ૨૦ થી ૪૫ વર્ષના રોજગાર વાંચ્છુઓ માટે તા.૯ નવેમ્બરના રોજગાર ભરતી મેળો

જૂનાગઢ, તા. ૮

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ શુભાંગ પ્રોડક્ટ્સ કું. મુ. મોવિયા ગોંડલ તેમજ ઈન્સ્ટાકાર્ટ (ફ્લિપકાર્ટ) પ્રા.લી. કંપની એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ હેલ્પર ઓપરેટર, શોર્ટર અને ડિલિવરી બોય ની જગ્યાઓ માટે ૨૦ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ. કે તેથી ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૯/૧૧/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતી મેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.

# ખૂંખાર સિંહોએ અમરેલી જિલ્લાના માનવીઓને બનાવ્યા નિશાન : ૧૫ દિવસમાં ત્રણ હુમલાના બનાવ



અમદાવાદ, તા.૮

છેલ્લા ૧૫ દિવસમાં અમરેલી જિલ્લામાં સિંહોના માનવીઓ ઉપરના હુમલાની ત્રણ ઘટના સામે આવી છે. સૌરાષ્ટ્રમાં શિકારની શોધમાં સિંહો ગ્રામ્ય વિસ્તારમાં ઘૂસીને પશુઓના શિકાર કરવાની ઘટનાઓ બાદ સિંહોના માનવીઓ ઉપરના હુમલાઓ પણ વધી રહ્યા છે. ૧૫ દિવસ અગાઉ જાફરાબાદના નવી જીકાદરી ગામમાં સિંહણે પાંચ વર્ષના બાળકનો શિકાર કર્યો હતો અને હાલમાં પણ જાફરાબાદના ખાલસા કંથારિયાગામમાં સિંહણે સાત વર્ષની બાળકીનો શિકાર કર્યો હતો, એ બાદ ખાંભાના ગીદરડી ગામે યુવક ઉપર હુમલો કરતાં સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગીદરડી ગામે નવસાદ લાલુભાઈ પઠાણ નામનો માલધારી યુવક પોતાના પશુઓ ચરાવતા હતા, તે દરમ્યાન અચાનક એક સિંહ આવી ચડ્યો હતો અને એક વાછરડા ઉપર હુમલો કર્યો હતો, આથી યુવક વાછરડાને બચાવવા માટે વચ્ચે પડતાં સિંહ વાછરડાને છોડીને યુવક તરફ વળ્યો હતો અને જીવલેણ હુમલો કર્યો હતો. સિંહના આ હુમલામાં યુવકને કમર અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેને પ્રથમ ખાંભા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા બાદ વધુ સારવાર માટે અમરેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. વન વિભાગે સિંહને પાંજરે પૂરવાની તજવીજ હાથ ધરી છે. જ્યારે બીજી એક ઘટનામાં જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારિયા ગામમાં સિંહણે સાત વર્ષની બાળકીનો શિકાર કર્યો હતો. કંથારિયા ગામમાં સોમવારે સાંજના સમયે સિંહણ એક વાડી વિસ્તારમાંથી સાત વર્ષની બાળકીને જડબામાં ઝકડીને દૂર લઈ ગઈ હતી, જેની જાણ પરિવારજનોએ વન વિભાગને કરતાં વન વિભાગની ટીમ સાથે ધારાસભ્ય, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. વન વિભાગની ટીમ સાથે ધારાસભ્ય અને આખા ગામ દ્વારા બાળકીની શોધખોળ કરવામાં આવી હતી, જેમાં બાળકીના શરીરનાં કેટલાંક અંગો મળ્યાં છે, જોકે બાળકીનાં ઘણાં અંગો મળ્યાં નહોતાં. વન વિભાગે બાળકીનાં અંગોની અને સિંહણની શોધખોળ હાથ ધરી હતી. વન વિભાગે આખી રાત મેગા ઓપરેશન હાથ ધર્યા બાદ વહેલી સવારે સિંહણને પાંજરે પૂરવામાં વન વિભાગને સફળતા મળી હતી. તેમજ ૧૫ દિવસ અગાઉ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નવી જીકાદરી ગામમાં રામકુભાઈ ધાખડાની વાડીમાં લાલજીભાઈ જોળિયાનો પરિવાર કપાસ વીણતો હતો અને બે બાળકો બાજુમાં રમતાં હતાં. આ દરમ્યાન અહીં અચાનક એક સિંહણ આવી ચડી હતી અને બે બાળકમાંથી પાંચ વર્ષીય આરૂષર લાલજીભાઈ જોળિયાને જડબામાં પકડીને દૂર ઢસડી ગઈ હતી. પાંચ વર્ષીય આરૂષને સિંહણ લઈ જતાંર સાથે રમતા અન્ય બાળકે બૂમાબૂમ કરતાં કપાસ વીણતા લાલજીભાઈ જોળિયાના પરિવારને જાણ થઈ હતી, જેથી તેમણે તરત શોધખોળ હાથ ધરી હતી. જોકે કપાસના પાકમાં સિંહણ બાળકને લઈને ગાયબ થઈ ગઈ હતી, જેથી લાલજીભાઈ જોળિયાએ તરત વાડી માલિક અને ગ્રામજનોને જાણ કરતાં ગ્રામજનો એકઠાં થઈ ગયા હતા.

### જીપીએસસીના ચેરમેન તરીકે નિમણૂક થતાં ચાર્જ સંભાળશે

# રાજ્યના ઈમાનદાર IPS અધિકારી હસમુખ પટેલ પોતાની સક્રિય સેવાથી રાજીનામું આપશે



ગાંધીનગર,તા.૮

ગુજરાત સરકારમાં ફરજ બજાવી રહેલા ઈમાનદાર એવા બાહોશ આઈપીએસ અધિકારી હસમુખ પટેલ તેમની સક્રિય સેવામાંથી રાજીનામું આપશે,હસમુખ પટેલની GPSC (ગુજરાત જાહેર સેવા આયોગ)ના ચેરમેન તરીકે નિમણૂંક થઈ છે તેને લઈને આ કદમ ઉઠાવવાની વાત બહાર આવી છે. હસમુખ પટેલ ૧૧ નવેમ્બરે GPSCના ચેરમેન તરીકે તેઓ ચાર્જ સંભાળશે અને GPSCની તૈયારી કરી રહેલા ઉમેદવારોને મળશે નવા ચેરમેન,હસમુખ પટેલ એ ખૂબ સારા અને ઉમદા અધિકારી છે અને તેમને જેટલી પણ જવાબદારી સોંપાઈ હતી તે તમામ જવાબદારી તેમણે સારી રીતે નિભાવી છે. આઈપીએસ હસમુખ પટેલ પોલીસની સક્રિય સેવામાંથી રાજીનામું આપશે તેવી વિગતો સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે. હસમુખ પટેલની જીપીએસસીના ચેરમેન તરીકે નિમણુંક થતાં રાજીનામું આપવાની વાત સામે આવી છે,હાલમાં પોલીસ ભરતી બોર્ડ અને પંચાયત સેવા પસંદગી મંડળની જવાબદારી પણ તેવો નિભાવી રહ્યા હોઈ તે અંગે સરકાર નિર્ણય લેશે. હસમુખ પટેલ હાલમાં પોલીસ ભરતી બોર્ડ અને પંચાયત પસંદગી બોર્ડમાં સેવા આપી રહ્યા છે, તેમના માર્ગદર્શનનો સારો એવો લાભ ઉમેદવારોને પણ મળી રહ્યો છે, આમ તોઓનો રાજ્યની વિવિધ સરકારી ભરતીઓ અને પરીક્ષાઓના સંચાલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રહેશે. ગુજરાત સરકારે જાહેર કરેલા આદેશ અનુસાર, હસમુખ પટેલ ગુજરાત જાહેર સેવા આયોગની કામગીરીનું સંચાલન કરશે. તેમની આ નિમણૂકથી રાજ્યની સરકારી ભરતી પ્રક્રિયાઓને નવી દિશા મળશે એવી અપેક્ષા છે, અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૬થી ૨૦૨૨ સુધી GPSCના અધ્યક્ષ તરીકેનો કાર્યભાળ દિનેશ દાસાએ સંભાળ્યો હતો. જોકે તેમની નિવૃત્તિ બાદ આ પદ ખાલી હતું, જેથી આ ખાલી જગ્યાનો હવાલો નલિન ઉપાધ્યાયને સોંપવામાં આવ્યો હતો. ગુજરાત કેડરના ૧૯૯૩ બેચના IPS અધિકારીની હસમુખ પટેલને મોસ્ટ ક્રેડિબલ અધિકારી તરીકે ઓળખવામાં આવે છે. તે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે, પરંતુ પોતાના માટે નહીં. નવી-નવી ટેક્નોલોજીનો ઉપયોગ તેઓ સામાન્ય લોકો અને યુવાનોને પ્રોત્સાહિત તેમજ જાગૃત કરવા માટે કરે છે. તેમની ટાઈમલાઈન ઉપર તમને તેમની પોતાની તસ્વીર ભાગ્યે જ જોવા મળશે.

## સંસદનું શિયાળુ સત્ર ૨૫ નવેમ્બરથી શરૂ થશે

નવી દિલ્હી, તા.૮

સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ જાહેર કર્યું હતું કે સંસદનું શિયાળુ સત્ર ૨૫મી નવેમ્બરથી શરૂ થશે અને ૨૦મી ડિસેમ્બરના રોજ પૂર્ણાહુતિ થશે. તેમણે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકી હતી કે ભારત સરકારની ભલામણથી રાષ્ટ્રપતિએ સંસદની બંને ગૃહોની શિયાળુ બેઠક ૨૫ નવેમ્બરથી શરૂ કરવાની ભલામણને મંજૂરી આપી દીધી છે અને આ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ હોવાથી અને બંધારણનો અમલ શરૂ થયાના ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા હોવાથી સંવિધાન સદનના મધ્યસ્થ હોલમાં ખાસ ઉજવણી કરવામાં આવશે તેવું પણ તેમણે જાહેર કર્યું હતું. ૧૮મી લોકસભાની રચના થયા બાદ પહેલું બજેટ સત્ર ૨૦૨૪ ૨૨મી જુલાઈના રોજ શરૂ થયું હતું અને ૯ ઓગસ્ટના રોજ પૂરૂં થયું હતું. આ સત્રમાં નવી સરકાર રચાયા પછીનું પહેલું બજેટ પસાર કરવામાં આવ્યું હતું અને જમ્મુ અને કાશ્મીરનું બજેટ પણ પસાર કરવામાં આવ્યું હતું. બજેટ સત્ર દરમ્યાન વકફ સુધારા બિલ ૨૦૨૪ વધુ તપાસ અને ચકાસણી માટે જે.પી.સી.ને નવમી ઓગસ્ટે મોકલવામાં આવ્યું હતું અને એ જ દિવસે સંસદના સત્રનું સમાપન પણ થયું હતું. સંસદના આગામી શિયાળુ સત્રમાં કેન્દ્ર સરકાર એક દેશ એક ચૂંટણી વિધેયક રજૂ કરે તેવી શક્યતા છે. સંસદના બંને ગૃહોમાં આ ખરડો પસાર થઈ જાય તો એ કાયદો બની જશે. તાજેતરમાં મોદીએ આવો ખરડો આવવાની શક્યતા પણ દર્શાવી હતી અને કહ્યું હતું કે લોકસભા તેમજ વિધાનસભાઓની ચૂંટણીઓ એક સાથે કરવાની દિશામાં અમારી સરકાર કામગીરી કરી રહી છે. આ પ્રક્રિયાથી ભારતની લોકશાહી વધુ મજબૂત બનશે અને વિકસિત ભારતનું સપનું સાકાર કરવામાં મદદ મળશે. અત્યારે દેશ એક રાષ્ટ્ર અને એક નાગરિક કાયદા તરફ પણ આગળ વધી રહ્યો છે જે સેક્યુલર સિવિલ કોડ હશે. કેન્દ્રીય કેબિનેટ એક દેશ એક ચૂંટણીની દરખાસ્તને મંજૂરી આપી ચૂકી છે. જો આ પગલું અમલમાં આવશે તો તેની લોકશાહી માટે ખૂબ જ દૂરગામી અસરો રહેશે.

# રાજ્યના પોલીસ અધિકારીઓને આગામી દિવસોમાં પ્રમોશન આપવા લેવાશે નિર્ણય

ગાંધીનગર, તા.૮

દિવાળી બાદ નવા વર્ષની શરૂઆત થઈ ગઈ છે અને આ નવા વર્ષમાં પોલીસ વિભાગમાં કેટલાક ફેરફાર જોવા મળી શકે છે. આ નવું વર્ષ કેટલાક પોલીસ અધિકારીઓ માટે ખુશીના સમાચાર લાવી શકે છે. એટલે કે પોલીસ વિભાગના અધિકારીઓને પ્રમોશન મળી શકે છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર આ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગૃહ વિભાગની બેઠક મળી હતી. જેમાં પોલીસ વિભાગના અધિકારીઓને પ્રમોશન આપવા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, DGP વિકાસ સહાય સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. જેમાં રાજ્યમાં નવા ૩૬ જેટલા SDPO કાર્યરત કરવા સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા મુજબ ૩૬ SDPOમાં નવા dysp મુકવામાં આવશે. આ ઉપરાંત પી.આઈ. કક્ષાના અધિકારીને પ્રમોશન આપવાની મંજૂરી મામલે ચર્ચા કરવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. આગામી દિવસોમાં ગૃહવિભાગ દ્વારા ૬૦થી વધુ પોલીસ અધિકારીને પ્રમોશન આપવામાં આવશે. તો બીજી તરફ હાલમાં તહેવારોની સિઝનમાં અકસ્માતના કિસ્સામાં નોંધપાત્ર વધારો થયો છે. તો બીજી તરફ રાજ્યના એક જિલ્લામાં અકસ્માતમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જેની નોંધ ગૃહ વિભાગે પણ લીધી છે. દાહોદ જિલ્લા પોલીસે માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે સંવેદનશીલ કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલુ જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઈવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઈવ ઉપરાંત ડ્રોન કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા રાજદિપસિંહ ઝાલા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે. લોકોમાં ટ્રાફિક આવેરનેસ લાવવાની સાથોસાથ રોડ એન્જીનીયરિંગ અને પોલીસ એન્ફોર્સમેન્ટ કામગીરી ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. જેમાં અગાઉના ૧૦ વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને સુધારા યોગ્ય રોડ એન્જિનિયરિંગના ટૂંકા ગાળા માટેના અને લાંબા ગાળા માટેના ખાસ સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા.

# દિવાળીના તહેવારોમાં એસ.ટી. નિગમ દ્વારા ૬૬૧૭ એક્સ્ટ્રા બસ દોડાવી : ૧૬ કરોડની આવક

## રૂા.૩૧૫ કરોડની આવક સાથે એડવાન્સ બુકિંગનો કર્યો રેકોર્ડ

ગાંધીનગર, તા.૮

દિવાળીના તહેવારો ધ્યાને લઈને ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા તા.૨૯ ઓકટોબરથી ૪ નવેમ્બર સુધી ગુજરાતમાં કુલ ૬૬૧૭ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી, જેમાં એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બૂક કરીને રૂા.૧૬ કરોડથી વધુની આવક એસ.ટી. નિગમે કરી હતી આ ઉપરાંત ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોનું તેમજ રૂા.૩.૧૫ કરોડનું બૂકિંગ કરીને અત્યાર સુધીના એડવાન્સ બૂકિંગનો રેકોર્ડ સ્થાપ્યો હતો, સાથોસાથ સુરત ખાતેથી સૌથી વધુ ૧૩૫૯ એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરી નિગમે ૮૬,૫૯૯ જેટલા મુસાફરોને સમયબદ્ધ પોતાના વતન પહોંચાડી કુલ રૂા.૨.૫૭ કરોડની આવક કરી હતી. માર્ગ-



પરિવહન વિભાગ દ્વારા વધુમાં જણાવવામાં આવ્યા અનુસાર દિવાળીનો તહેવાર નાગરીકો પોતાના વતનમાં જઈને જ ઉજવે છે તેવી એક પરંપરા રહી છે. આ તહેવારોને ધ્યાને લઈને મુસાફરોને યોગ્ય-પૂરતી સુવિધા આપવા એસ.ટી. નિગમ નિરંતર પ્રયાસ કરી રહ્યું છે. નાગરીકોએ પોતાના માદરે વતન સહિત વિવિધ સ્થળોએ જવા માટે એસ.ટી.ની સવારી અપનાવતા હોઈ તેના ભાગરૂપે તા.૨૯ ઓકટોબરના રોજ પરિવહન વિભાગે ૮૫,૪૩૭ ટિકિટો બૂક કરીને રૂા.૨.૦૦ કરોડથી વધુની આવક મેળવી છે, તા.૩૦ ઓકટોબરના રોજ ૮૩,૪૨૬ સીટો દ્વારા રૂા.૧.૯૬ કરોડથી વધુ, તા.૩૧ ઓકટોબરના રોજ ૮૨,૧૯૦ સીટો દ્વારા ૧.૯૨ કરોડથી વધુ, તા.૧ નવેમ્બરના રોજ ૯૪,૦૧૮ સીટો દ્વારા રૂા.૨.૧૬ કરોડથી વધુની આવક, તા.૨ નવેમ્બરના રોજ ૧,૦૨,૩૧૪ સીટો દ્વારા રૂા.૨.૨૭ કરોડ, ૩ નવેમ્બરના રોજ ૧,૨૮,૮૪૧ સીટો દ્વારા રૂા.૨.૮૪ કરોડથી વધુ તેમજ સૌથી વધુ ૪ નવેમ્બરે ૧,૪૧,૪૬૮ સીટોના બૂકિંગ સાથે નિગમે રૂા.૩.૧૫ કરોડથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગની યાદીમાં જણાવાયું છે.

# જૂની પેન્શન યોજના અંગે ઠરાવ ન થતાં મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

અમદાવાદ, તા.૮

રાજ્યમાં ૧-૪-૨૦૦૫ પહેલા જાહેરાત આવેલી તથા નિમણૂંક પામેલા શિક્ષકો તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા થયેલી જાહેરાત મુજબ એક માસ પછી પણ ઠરાવ કરવામાં આવ્યો ન હોવાથી શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. જાહેરાતના એક માસ પછી હજુ પણ કર્મચારીઓ જાહેરાતની રાહ જોઈ રહ્યા હોવાથી તાકીદે જાહેરાત કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા ૧-૪-૨૦૦૫ના વર્ષ પહેલાના સરકારી કર્મચારી, શિક્ષકો વગેરે સહિત ૬૦ હજારથી વધુ કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેની જાહેરાત ૬ ઓક્ટોબરના રોજ કરવામાં આવી હતી. જૂની પેન્શન યોજનાને લઈને લાંબા સમયથી શિક્ષકો દ્વારા લડત ચલાવવામાં આવી હતી. જેમાં આંદોલન સહિતના કાર્યક્રમો પણ આપવામાં આવ્યા હતા. લડતના પગલે સરકાર દ્વારા એક માસ પહેલા શિક્ષકો સહિતના કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. જોકે, જાહેરાત કરવામાં આવ્યા બાદ હજુ સુધી તે અંગેનો સત્તાવાર ઠરાવ કરવામાં આવ્યો ન હોવાનું સામે આવ્યું છે. આમ, હજુ સુધી ઠરાવ થયો ન હોવાથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ મિતેશ ભટ્ટે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં જણાવાયું છે કે, ૧-૪-૨૦૦૫ પહેલા જાહેરાત આવેલા તથા નિમણૂક પામેલા શિક્ષક કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા બાબતે મંત્રી સમૂહની સમિતિ સાથે થયેલા સંવાદ અનુસાર મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની ૬ ઓક્ટોબર, ૨૦૨૪ની બેઠકમાં ૨૦૦૫ પહેલા વિવિધ સંવર્ગના ફિક્સ પગારમાં નિમણુંક કરાયેલા ૬૦૨૪૫ જેટલા અધિકારી કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. જોકે, આ જાહેરાતને એક માસ જેટલો સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી તે અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો નથી. રાજ્યના હજારોની સંખ્યામાં કર્મચારીઓ અને તેમની સાથે જોડાયેલા પરિવારના લખો સભ્યો ઠરાવની રાહ જોઈ બેઠા છે. જેમ ખેડૂત વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હોય છે તેમ શિક્ષકો કર્મચારીઓ ઘણા લાંબા સમયથી ઠરાવના નોટિફિકેશનની રાહ જોઈ રહ્યા છે. લાંબો સમય ખેંચાતા આ આતુરતા અવિશ્વાસ તથા આક્રોશમાં પરિવર્તિત થઈ શકે છે. પ્રવક્તા મંત્રી દ્વારા કેબિનેટ બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સ થયા બાદ ઘણો લાંબો સમય થયો હોવાથી સત્વરે ઠરાવ બહાર પાડવામાં આવે તેવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા માંગણી કરવામાં આવી છે.

# શું તમે ભાડેથી રહેતા વિદ્યાર્થી છો તો રાજસ્થાન સરકાર તમને દર મહિને ૨૦૦૦ રૂપિયા ચૂકવશે

જયપુર, તા.૮

ભારતમાં ઘણા વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્યો માટે જુદા-જુદા શહેરોમાં સ્થળાંતર કરે છે, ઘણીવાર તેઓ પોતાને ઘરથી દૂર રહેતા હોય છે. આ વિદ્યાર્થીઓ વારંવાર ઘર ભાડે લે છે, કેટલીકવાર અલગ રાજ્યમાં પણ હોય છે. આને પગલે રાજસ્થાન સરકાર હવે આ વિદ્યાર્થીઓને અનુરૂપ વિશેષ લાભ ઓફર કરી રહી છે. રાજ્ય સરકારે ઘરથી દૂર અન્ય શહેરોમાં અભ્યાસ કરતાં અને ભાડાના આવાસમાં રહેતા વિદ્યાર્થીઓને વાર્ષિક ૨૦,૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આ યોજના માટે અરજીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં નોંધાયેલા વિદ્યાર્થીઓ કે જેઓ તેમના અભ્યાસ માટે અન્ય રાજ્યોમાં રહેતા હોય તેઓ અરજી કરવા પાત્ર છે. આ યોજના હેઠળની અરજીઓ ૩૦ નવેમ્બર સુધી સ્વીકારવામાં આવશે. આ વર્ષે કુલ ૫૫૦૦ રૂપિયા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. તેઓને દસ મહિના સુધી દર મહિને ૨૦૦૦ રૂપિયાની રકમ મળશે. રાજ્યના SC, ST, OBC, MBC, EWS અને લઘુમતી વર્ગોના વિદ્યાર્થીઓ રાજસ્થાન સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આંબેડકર DBT વાઉચર યોજનાનો લાભ મેળવી શકે છે. જિલ્લામાં સ્થિત સરકારી કોલેજોમાંથી સ્નાતક અથવા અનુસ્નાતક કરી રહેલા વિદ્યાર્થીઓ રાજ્યના મુખ્ય મથકો તેમના અભ્યાસ માટે ઘરથી દૂર ભાડાના આવાસ ઉપર રહેતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ પ્રાધાન્ય આપવામાં આવશે. આ માટે એક ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ઈમિત્ર ઉપર તેમના SSO ID દ્વારા અરજી કરી શકે છે. યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓએ રાજસ્થાનનો રહેવાસી હોવો જરૂરી છે. વધુમાં જો વિદ્યાર્થી એ જ શહેરમાં અભ્યાસ કરી રહ્યો છે જ્યાં તેમના માતા-પિતા ઘર ધરાવે છે તો તેવા વિદ્યાર્થીઓ આ યોજના માટે પાત્ર રહેશે નહીં.

# E-KYCની કામગીરીને લઈને ફરી શિક્ષકોને હાજર રહેવા જણાવાતા રોષ

અમદાવાદ, તા.૮

વિદ્યાર્થીઓના E-KYCના નિર્ણયના પગલે છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર ગંભીર અસર પડી છે. ત્યારબાદ હવે વેકેશનમાં પણ E-KYCની કામગીરીને લઈને શિક્ષકો પર દબાણ કરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં શિક્ષણના અધિકારીઓ શિક્ષકોના વેકેશન ઉપર રોક લગાવતાં ફતવા બહાર પાડી રહ્યાં છે. E-KYCની કામગીરીને લઈ એક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા વેકેશન પુર્ણ થાય તે પહેલા જ શિક્ષકોને હાજર થવાનો આદેશ આપતા ભારે આક્રોશ ફેલાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, E-KYCને લઈને વેકેશનમાં શિક્ષકોને ધંધે લગાડવામાં આવતા ભારે આક્રોશ ફેલાયો છે. વેકેશન પહેલા અધિકારીઓ દ્વારા કામગીરી પુર્ણ ન થાય તો વેકેસનમાં ન જવા માટે પરિપત્ર કર્યો હતો. જોકે, હવે રાજ્યના એક પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું હતું કે, પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ કેટેગરીના વિદ્યાર્થીઓનું E-KYC ૧૦ નવેમ્બર પહેલા ફરજિયાત પૂર્ણ કરવા માટે સુચના મળી છે. જેના પગલે શાળાના તમામ કેટેગરીના બાળકોની E-KYCની કામગીરી ૧૦ નવેમ્બર પહેલા પૂર્ણ કરવાની રહેશે. જો E-KYCની કામગીરી બાકી રહેશે તો તેની જવાબદારી આચાર્યની નક્કી કરવામાં આવશે. આ ઉપરાંત આચાર્યએ રોજેરોજ કેટલા બાળકોનું E-KYC થયું તેનો રિપોર્ટ મેળવી આપવાનો રહેશે. આ રિપોર્ટ લઈ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલવાના રહેશે. આ કામગીરી ૧૦ નવેમ્બર પહેલા પુર્ણ કરવા માટે તાકીદ કરાઈ છે. આ ઉપરાંત ૧૦ નવેમ્બર સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે. જો કામગીરી બાકી રહેશે તો આચાર્યની જવાબદારી નક્કી કરવામાં આવશે.

# WhatsApp મોબાઈલ એપ્લિકેશન માટે કસ્ટમ ચેટ લિસ્ટ ફીચર લાવ્યું

મુંબઈ તા.૮

વોટ્સએપે ચેટને વધુ સરળ અને વ્યવસ્થિત બનાવવા માટે એક નવું ફીચર રજૂ કર્યું છે, જેનું નામ છે “લિસ્ટ”. આ સુવિધાનો હેતુ વપરાશકર્તાઓને તેમની ચેટ્સને વિવિધ કેટેગરીમાં વહેંચવાની મંજૂરી આપવાનો છે, જેનાથી ચેટ્સ શોધવા અને શોધવાનું સરળ બને છે. તેના અગાઉના ચેટ ફિલ્ટર્સની સફળતા બાદ, WhatsApp હવે તેના લાખો વપરાશકર્તાઓને વધુ નિયંત્રણ આપવા માટે તેની સુવિધાઓમાં સુધારો કરી રહ્યું છે. સૂચિ સુવિધા વપરાશકર્તાઓને દરેક ચેટને સરળતાથી અલગ કેટેગરીમાં અલગ કરવા માટે ‘કુટુંબ,’ ‘કાર્ય,’ અથવા ‘મિત્રો’ જેવી કસ્ટમ શ્રેણીઓ બનાવવા દે છે. આની મદદથી, તમે ફરીથી અને ફરીથી સ્ક્રોલ કર્યા વિના તમારી મહત્ત્વપૂર્ણ ચેટ ઝડપથી શોધી શકો છો. આ નવું ફીચર યુઝર અનુભવને નેક્સ્ટ લેવલ ઉપર લઈ જશે. તમને જણાવી દઈએ કે આ લિસ્ટ બનાવવું પણ ખૂબ જ સરળ છે. ફક્ત ચેટ ટેબમાં “+” આઈકોન ઉપર ટેપ કરીને, તમે નવી સૂચિ બનાવી શકો છો, નામ બદલી શકો છો અથવા નવા સંપર્કો ઉમેરી શકો છો. લિસ્ટ ફીચર બંને ગ્રુપ અને વન-ઓન-વન ચેટ્સ માટે ઉપલબ્ધ છે, જે યુઝર્સને તેમની વાતચીતનું સંચાલન કરવામાં મદદ કરે છે. લિસ્ટઓ સાથે તમારી બધી ચેટ્સ એક જગ્યાએ સરસ રીતે પ્રદર્શિત થશે, જે એપ્લિકેશનને ઉપયોગમાં સરળ બનાવશે. જો તમારી કોઈ ગર્લફ્રેન્ડ અથવા બોયફ્રેન્ડ છે, તો આ ફીચર તમારા માટે ખૂબ જ ઉપયોગી થશે કારણ કે તમે તમારા ખાસ વ્યક્તિની ચેટ્સ અલગ રાખી શકો છો. WhatsAppનું આ ફીચર ધીમે-ધીમે તમામ યુઝર્સ માટે ઉપલબ્ધ થઈ રહ્યું છે અને કંપની તેને વધુ સારી બનાવવાની યોજના બનાવી રહી છે.

# સોરઠના દરિયામાં સ્ટીમર 'વિજળી'ની થયેલ જળસમાધિની આજે ૮ નવેમ્બરે ૧૩૬ મી વરસી

## ૧૩ જાન, મેટ્રીકની પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓ સહિત ૧૩૦૦ ઉતારૂ સાથેની સ્ટીમરે સોમનાથ-માંગરોળના દરિયા વચ્ચે 'ટાઈટેનીક'ની માફક જ સમુદ્રી તોફાનમાં જળસમાધિ લીધી






(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૮

આજથી બરાબર ૧૩૬ વર્ષ પહેલાં તે સમયમાં દેશની સૌથી મોટી સમુદ્રી જળ હોનારાત સોરઠના પાદરમાં થઈ હતી. કહેવાય છે કે ૧૩ જાન ૧૩૦૦ ઉતારૂઓ ૮ નવેમ્બર ''હાજી કાસમ તારી વિજળી નામની સ્ટીમર ડુબી ગઈ હતી.'' ૨૫ કેબીનો ધરાવતી અને ૨૬૯ ફુટ લંબાઈ ધરાવતી ''હાજી કાસમ તારી વિજળી'' ડુબી ગયાને આજ સવા સદી વિતી ચુકી છતાં તે ઘટના - વિલાપને સાંકળતા કરૂણ ભાવે આજે ય પણ અમર બન્યા છે. લોક સાહિત્યકારોના ડાયરાઓમાં આ ઘટના જયારે કહેવાતી હોય ત્યારે સુમસામ શાંતિ સાથે લોકો કરૂણ ભાવે શ્રવણ કરતાં રહે છે.

કચ્છના માંડવી બંદરેથી વિક્રમ સવંત ૧૯૪૫ ના કારતક સુદ પાંચમ અને ગુરૂવાર તથા ૮ નવેમ્બર ૧૮૮૮ના બપોરે બાર વાગ્યે '' વિજળી'' લાંગરી હતી 'વેટર'ના ઝળહળતા વિજળી પ્રકાશને લીધે આ આગબોટનું નામ લોકોએ 'વિજળી' જ આપી દીધું હતું.

વિજળીને તૈયાર થતાં ત્રણ વર્ષ લાગ્યા હતા. ૧૮૮૫ માં શીપ બની અને ૧૮૮૮માં એ એની સર્વ પ્રથમ સફર હતી અને એજ સફરમાં તે ડૂબી ગઈ ૬૩ ટન ભાર ઉંચકવાની ક્ષમતા હતી, સ્ટીમરની સ્પીડ એક કલાકના ૧૩ નોટીકલ માઈલ હતી. મુંબઈના હાજી કાસમ જુસબ નામના શેઠે કેપ્ટન જેમ્સ શેર્ફડ નામના અંગ્રેજ સાથે ભાગીદારીમાં સ્થાપેલ ''બોમ્બે સ્ટીમ નેવીગેશન'' કંપનીની આ આગબોટ વિજળીનો વટીવટ હાસમના ભાઈ હાજી કાસમ સંભાળતા હતા. તેથી એ કંપની '' હાજી કાસમની કંપની'' કહેવાતી હતી. વિજળીના કેપ્ટનનું નામ ઈબ્રાહીમ હતું જે પોતાની શકિત-કાબેલીયત ઉપર ખુબ જ મુસ્તાક હતો એટલે કે આત્મવિશ્વાસ ધરાવતો હતો. વિજળીની એ પ્રથમ સફર હતી. જેમાં કચ્છના જુદા-જુદા ગામેથી લગ્નની જાનો આ બોટમાં ચડી હતી. ભાવ નીતરતા કંઠે હોંશથી જાનડીઓ ગીતો ગાતી હતી. તો પરીક્ષા આપવા જતા કેટલાક વિદ્યાર્થી ઉતારૂઓ પણ સવાર હતા.

વિજળીએ દ્વારકાનો કિનારો છોડતાં જ દરિયાના વાવાઝોડા, સુસવાટા મારતા પવનના ઝપાટા શરૂ થયા અને વિજળી પોરબંદર પહોંચી ત્યારે ત્યાંના બંદર ઓફિસર લેલીએ વિજળીને આગળ ન વધવા સખ્ત ચેતવણીઓ પણ આપી હતી. પરંતુ કેપ્ટન ઈબ્રાહીમભાઈનો પોતાની પ્રચંડ શકિતમા લોખંડી વિશ્વાસ હતો કે મારી સ્ટીમર આવા વાવાઝોડાને ગણકારશે નહીં. લેલીએ કાળા વાવટા ફરકાવી સ્ટીમર રોકવા કોશિષ પણ કરી પણ તેને ય અવગણી સ્ટીમરને પુરપાટ વેગે દોડાવી અને થોડી જ વારમાં યમદુત જેવાં સાગરના લોઢ-લોઢ જેવડા મોજા સ્ટીમરને હાલક-ડોલક કરવા લાગ્યાં, અફળાતી કુટાતી, ફુટબોલના દડાની જેમ અધ્ધર-અધ્ધર ઉલળી ફરી પાછી સમુદ્રમાં ભફાંગ દઈને પછડાતી ત્યારે સ્ટીમરના ઉતારૂઓ લગ્ન ગીતોને બદલે ચીસાચીસ-રાડારાડમય બન્યા હતા. અને આખરે ઘુમરાતી-ઘુમરાતી એ વીજળી નામની સ્ટીમરે ઉતારૂઓ સાથે પોતાની ગોદમાં મધદરિયે સમાધી લીધી.

દેશભરમાં ઠેર-ઠેર બેસણા થયાં અને લગ્ન મંડપો મોત-માતમ સ્થળોમાં ફેરવાયા હતા. ઈતિહાસકાર ચિતલવાલાએ આ ઘટનાનું સંશોધન કરી કેટલાક પ્રશ્નો-તર્ક સાથે સમ્રગ ઘટનાનો તાગ મેળવવા તાજેતરના વર્ષોમાં પ્રયાસ પણ કર્યો છે. ગુજરાતી સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યએ આ ઘટના સંર્દભે પુસ્તક પણ લખ્યું છે. અનેક ગુજરાતી ફિલ્મો, નાટકો, લોકરાસડા પણ લખાયા છે. ઝવેરચંદ મેઘાણીએ પણ આ ઘટનાની નોંધ લીધી છે. રાવણહથ્થામાં 'હાજી કાસમ'નું કરૂણ ગીત ગાઈ-વગાડી ગામડાઓમાં આંસુના દરિયા કે ગમગીની છવાતી.

# કાલસારી ખાતે ૧૦મી નવેમ્બરે બાલકૃષ્ણલાલજી હવેલી ખાતે અલૌકિક મનોરથનું ભવ્ય આયોજન

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના કાલસારી ગામે શ્રી બાલકૃષ્ણ લાલજી હવેલી ખાતે ૧૦ મી નવેમ્બર રવિવારના દિવસે એટલે કે કારતક સુદી નવમીના દિવસે સાંજે ચાર થી આઠ કલાક દરમિયાન સર્વ વૈષ્ણવોની ઉપસ્થિતિમાં અલૌકિક મનોરથ નું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિક્રમ સંવતના કારતક મહિનાનાં પ્રથમ દિવસથી નૂતન વર્ષનો પ્રારંભ થતો હોય છે. પ્રત્યેક વ્યક્તિના જીવનમાં નવા વર્ષથી ઊર્જાનો સંચાર થાય, પરસ્પર ભાઈચારાની ભાવના કેળવાય, અને સ્નેહના તાંતણે સૌ નવા વર્ષમાં નવા આયામો સર કરવા માટે પ્રતિબધ્ધ બનતા હોય છે. બસ આવા જ ભાવ સાથે પરસ્પર ભાતૃભાવના જોડાણ કરવાના આશય સાથે કાલસારી ગામનાપ૩ર જેટલા ધર્માનુરાગી વૈષ્ણવ પરિવારો જે પૃષ્ટી સત્સંગ સાથે સંકળાયેલા છે તેઓ અલૌકિક મનોરથના સાક્ષી બનશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે હિતેશભાઈ હિરપરા, મનસુખભાઈ અમીપરા, હરસુખભાઈ માલવીયા, તેમજ દિલસુખભાઈ ડોબરીયા સહિત યુવાનોની ટીમ હજારો ભાવિકોના ભોજન પ્રસાદ સહિતની વ્યવસ્થાઓ માટે સેવારત છે, કાલસારી ગામના સર્વ વૈષ્ણવ પરિવારોને અલૌકિક મનોરથમાં ઉપસ્થિત રહેવા શ્રી બાલકૃષ્ણ લાલજી હવેલી મંડળ દ્વારા વૈષ્ણવભાવથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે

# વાઘેશ્વરી માતાજી મંદિર ખાતે અન્નકોટ દર્શનનો કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા. ૮

જૂનાગઢમાં આવેલ પ્રાચીન વાઘેશ્વરી માતાજીના મંદિર ખાતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ અન્નકોટના દર્શન કારતક સુદ ૯ (નોમ) તા.૧૦-૧૧-૨૪ ને રવિવારના રોજ રાખેલ છે. અન્નકોટના દર્શનનો સમય બપોરે ૩.૩૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી રાખેલ છે. જેથી સર્વે માયભકતોને અન્નકોટના દર્શનનો લાભ લેવા વાઘેશ્વરી માતાજી મંદિરના ટ્રસ્ટી મુકેશભાઈ રાજપરા, રમીલાબોન વેડીયા અનો વિજયભાઈ કીકાણી દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## જૂનાગઢ દોલતપરાની ૬૬ કે.વી. વિસ્તારની પ્રાથમિક શાળા ખાતે

# શહિદ વિર જવાન હાજીભાઈ જુણેજાને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ : તેમના વિધવા પત્નિનું સન્માન કરાયું

જૂનાગઢ તા. ૮

દેશ માટે રક્ષા કાજે ગયેલ જામનગર જીલ્લાના મુળ ધ્રાફા ગામના વતની હાજીભાઈ ઉમરભાઈ જુણેજા કેન્દ્રીય રીઝર્વ પોલીસ બેજ નં.૯૦૩૦૭૫૯૬૬ યુનિટ-૧૨૪ બટાલીયન, સેકટર-ત્રિપુરા, રેન્જ અગરતલા, ગૃપ કેન્દ્રમાં ફરજ બજાવતા હતા. તેઓ ચાલું ફરજ પર હતા ત્યારે ઝારખંડમાં ડ્યુટી ઓપરેશન દરમ્યાન નકસલવાદીઓના હુમલાથી જે તે સમયે તા.૦૭/૧૧/૨૦૦૧ ના રોજ શહીદ થયેલ. જેની પુર્ણતિથિ નીમીતે તે શહીદ જવાન હાજીભાઈ ઉંમરભાઈ જુણેજાના માનમાં CRPF ગ્રુપ સેન્ટર, ગાંધીનગર દ્વારા જૂનાગઢ મુકામે કેમ્પ રાખી દોલતપરાના ૬૬-કે.વી. વિસ્તારની પ્રાથમિક શાળામાં તા.૦૭/૧૧/૨૦૨૪ ના રોજ શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ રાખેલ હતો. આ શ્રધ્ધાંજલીના કાર્યક્રમમાં શહીદ જવાનના પત્નિ રજીયાબેન હાજીભાઈ જુણેજાનું સન્માન કરી તેમની સમસ્યા વિષે જાણકારીઓ મેળવેલ હતી.



આ તકે શહીદ વિર જવાનની શ્રધ્ધાંજલી અને તેમની વિધવા પત્નિના સન્માન કાર્યક્રમમાં CRPF ગ્રુપ સેન્ટર, ગાંધીનગરના કમાન્ડો તથા જૂનાગઢ જીલ્લાના શહીદ સૈનિકોના પરીવારનો હવાલો સંભાળતા CRPF જવાન ઘનશ્યામભાઈ ચુડાસમા સહિતના અન્ય CRPF ના જવાનોએ પુપાંજલી અર્પણ કરીને સલામી આપીને શહીદ વિર જવાનના માનમાં શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. જેમાં તે ૬૬-કે.વી. પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ મેડમ, જૂનાગઢ શહેર કોંગ્રેસ સમીતીના પુર્વ-પ્રમુખ અમીતભાઈ પટેલ, જૂનાગઢ જીલ્લા કોંગ્રેસના મહામંત્રી વી.ટી.સીડા, જૂનાગઢ જીલ્લા કોંગ્રેસના સહ કાર્યાલય મંત્રી મહેશભાઈ બી. બારડ તથા યુવા કોંગ્રેસ અગ્રણી આદીલભાઈ સીડા સહિતના આગેવાનો અને શહીદ વિર જવાનના પરીવારના સભ્યો હાજર રહી શહીદ વિર જવાન હાજીભાઈ ઉમરભાઈ જુણેજાને શ્રધ્ધાજલી અર્પણ કરેલ હતી.

વધુમાં જૂનાગઢ જીલ્લા કોંગ્રેસના મહામંત્રી વી.ટી. સીડાએ દેશની રક્ષા કરતા જવાનોના શહીદના કિસ્સામાં તેમની વિધવા પત્નિ સહિતના પરીવા્જનોને ભયંકર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તે સમસ્યા આ કાર્યક્રમમાં CRPF ગ્રુપ સેન્ટરના અધિકારીઓ સમક્ષ રજુ કરેલ હતી અને તેઓએ તે પ્રશ્નનો નિરાકરણ લાવવાની ખાત્રી આપેલ હતી તેવું જૂનાગઢ જીલ્લા કોંગ્રેસના સહ કાર્યાલય મંત્રી મહેશભાઈ બી. બારડની યાદીમાં જણાવેલ છે.

# સોમવારથી રાજકોટના જીવનનગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે

## શાસ્ત્રીજી ભાનુશંકરભાઈ મહેતાના વ્યાસાસને દરરોજ બપોરે ત્રણ થી સાડા છ કલાક સુધી કથામૃત






રાજકોટ તા. ૮

જીવનનગર વિકાસ સમિતિ, શિવશક્તિ ધૂન મંડળ, મહિલા સત્સંગ મંડળ ઉપક્રમે રૈયા રોડ, કનૈયા ચોક પાસે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનવલનું સોમવાર તા. ૧૧ મીથી અદભુત આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વ્યાસપીઠે શાસ્ત્રીજી ભાનુશંકરભાઈ મહેતા બિરાજશે. કથામાં ભા.જ.પ.ના પદાધિકારીઓ હાજરી આપશે.

શિવશકિત ધૂન મંડળની યાદી મુજબ, ભાગવત સપ્તાહમાં પોથીયાત્રા ૧૧ મી સોમવાર બપોરે ૩ કલાકે પ્રારંભ થશે. સતી ચરિત્ર તા. ૧૨ મી સાંજે, નૃસિંહ પ્રાગ્ટય તા. ૧૩ મી સાંજે, વામન જન્મ, રામ જન્મ, કૃષ્ણ જન્મ મહોત્સવ તા. ૧૪ મી ગુરૂવાર બપોરથી સાંજ સુધીમાં કરવામાં આવશે. ગોવર્ધન ઉત્સવ તા. ૧૫મી શુક્રવાર, રૂક્ષ્મણી વિવાહ તા. ૧૬ મી શનિવાર સાંજે અને પરિક્ષિત મોળ તા. ૧૭ મી સાંજે સમાપન થશે.

વ્યાસાસને ભાનુશંકરભાઈ મહેતાની આ ભાગવત કથા ૩૪૭ મી જીવનનગરમાં યોજાશે. મુળ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના મોટી પિંડાખાઈના વતની કથાકાર છેલ્લા ૩૨ વર્ષથી કથાનું રસપાન કરાવે છે. માનવ સેવાને અનુરૂપ અત્યાર સુધી સમુહ લગ્નમાં ૪૭૦ કન્યાઓને કન્યાદાન કરેલ છે. લોકસેવાના કાર્યમાં અગ્રેસર છે.શિવશક્તિ ધૂન મંડળે ભગીરથ કાર્યના મહારથી રેખાબેન વાઢેર, કુસુમબેન ચૌહાણ, પ્રફુલ્લાબેન બોરીચા, જયશ્રીબેન મોડેસરા, દક્ષાબેન પાઠક, પ્રવિણાબેન ગોંડલીયા, ભદ્રાબેન ગોહેલ, હર્ષાબેન પંડયાની દેખરેખમાં આયોજન થયું છે. ભાગવત સપ્તાહમાં પુજાબેન પ્રશાંતભાઈ વાહેર, વીણાબેન ચૌહાણ, ચેતનાબેન મોડેસરા, યોગિતાબેન મથુરભાઈ, જલ્પાબેન બોરીચા, આરતીબેન વાઢેર, દિપાલીબેન ગોંડલીયા, મિતલબેન શ્રેયાંશભાઈ પાઠક, હિનાબેન ચૌહાણ, સોનલબેન મોડેસરા, ખ્યાતિબેન ચૌહાણ, હિનાબેન આકાશભાઈ પંડયા ઉપરાંત આસપાસના રહીશો કથા ઉત્સાહમાં ભાગ લેવાના છે. સમિતિના પ્રમુખ જયંત પંડયા, મુકેશભાઈ પોપટ, ડો. તેજસ ચોકસી, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, કમલેશ પાઠક, દિગંત પાઠક, રાજેશ બોરીચા, મિતેશ ચૌહાણ, અંકલેશ ગોહિલ, પ્રકાશ મનસુખભાઈ, કેતનભાઈ મકવાણા કાર્યકરો સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. જીવનનગર, જ્ઞાનજીવન, શિવપરા, તિરૂપતિનગર, અમી પાર્ક, દેશળદેવ પરા, બ્રહ્મસમાજ, રૈયા રોડના રહીશોને કથામાં રસપાનનો લાભ લેવા શિવશક્તિ ધૂન મંડળની યાદીમાં અપીલ કરવામાં આવી છે.

## મારવાડી યુનિવર્સિટી ખાતે 'સ્માર્ટ કોમ્પ્યુટીંગ એન્ડ ઈન્ફોર્મેશન સિક્યુરિટી' (ASCIS-2024)

# ૩ જી ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભારત અને વિદેશના વિવિધ શિક્ષણવિદ્દો-વૈજ્ઞાનિકોના ૬૫૦ રીસર્ચ પેપરોમાંથી ૨૦૦ પ્રકાશનો પસંદ કરાયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૮

સૌરાષ્ટ્રની ખ્યાતનામ મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન દ્વારા, સ્પ્રિંગર અને SERB (ભારત કેન્દ્ર સરકાર)ના સહયોગથી ૧૬-૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન 'સ્માર્ટ કોમ્પ્યુટીંગ એન્ડ ઈન્ફોર્મેશન સિક્યુરિટી' (ASCIS-૨૦૨૪)માં એડવાન્સમેન્ટ્સ પર ૩જી ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરે છે.






આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડી, પ્રોવોસ્ટ ડો.રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રો. વાઈસ ચાન્સેલર ડો.સંજીતસિધ, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર નરેશ જાડેજા તથા કોપ્યુટર એપ્લિકેશનના ડિન ડો. આર. શ્રીદરન ઉપસ્થિત રહીને કોન્ફરન્સને સંબોધી હતી.

ભારત અને વિદેશના વિવિધ શિક્ષણવિદ્દો અને વૈજ્ઞાનિકો પાસેથી ૬૫૦ રીસર્ચ પેપર પ્રાપ્ત થયા હતા અને તેમાંથી ૨૦૦ પ્રકાશનો માટે પસંદ કરવામાં આવ્યા છે. ૩ દિવસના કાર્યક્રમમાં IIT y™u IIITs, Ph.D ફોરમ અને અન્ય જ્ઞાનની વહેંચણીની તકો જેવી મુખ્ય સંસ્થાઓના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો દ્વારા પસંદ કરાયેલા પેપર, Key Note address વાર્તાલાપની રજૂઆતનો સમાવેશ થાય છે. કોન્ફરન્સના ભાગ રૂપે, ઘણા MOU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેમાં સાઉથ આફ્રિકાની બોથો યુનિવર્સિટી, મલેશિયાની એશિયા પેસિફિક યુનિવર્સિટી અને પોલેન્ડની UJW નો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં હવે આવા શિક્ષણલક્ષી કાર્યક્રમો માટે મારવાડી યુનિવર્સિટી ભારત અને વિદેશના વિવિધ શિક્ષણવિદોની પહેલી પસંદ છે.

# કોડીનારના ઘાંટવડ પંથકમાં એસટી સુવિધા વધારવા જાગૃત નાગરિક દ્વારા સરકારમાં લેખીત રજુઆત



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૮

કોડીનાર તાલુકાનું ઘાંટવડ ગામથી વીશ વર્ષ પહેલાં બિલિમોરા-સોમનાથ, તલોદ-સોમનાથ, મોડાસા-કોટડા જેવી લાબા અંતરની એક્સપ્રેસ બસો તથા કોડીનારથી અમરેલીની છ લોકલ બસો તથા કોડીનારથી ભાવનગર વાયા અમરેલી શિહોર લોકલ બસની સુવિધા મળતી હતી. તાલુકા કક્ષાએ એસટી ડેપો ન હોવા છતાં પણ જ્યારે કોડીનાર ખાતે ડેપો બનતા સુવિધાઓ વધવાના બદલે ઘટી ગઈ છે જંગલનાં ખરાબ રસ્તાનું બહાનું આગળ ધરી બસો બંધ રાખવામાં આવે છે. ત્યારે ઘાંટવડ પંથકની પ્રજા વતી જાગૃત નાગરિક શબીરભાઈ સેલોતે ડેપો મેનેજર કોડીનારને રૂબરૂ મળી કોડીનાર અમરેલી વાયા ઘાંટવડ જામવાળા રૂટની સવારે સાડા છ બપોરે બાર તથા સાંજના ચાર વાગ્યાની બસ તથા કોડીનાર ભાવનગર વાયા જામવાળા અમરેલી શિહોર રૂટની બંધ બસ સેવાઓ પુનઃ શરૂ કરવા તથા આ પંથકની જનતા માટે કોડીનાર રાજકોટ વાયા ઘાંટવડ જામવાળા અમરેલી લોકલ ઈન્ટરસીટી બપોરે બે વાગ્યે તથા કોડીનાર થી વાપી, વાયા ઘાંટવડ જામવાળા, ગીરગઢડા , ધોકડવા, અમરેલી, વલભીપુર, ધંધુકા, વડોદરા, સુરતની નવી બસ સેવાઓ શરૂ કરવા આવેદનપત્ર આપેલ છે. આ ઉપરાંત આ કોડીનારના ધારાસભ્ય ડૉ. પ્રદ્યુમન વાઝા, વિભાગીય નિયામક અમરેલી તથા એસટી વડી કચેરી અમદાવાદ તથા વાહનવ્યવહાર મંત્રીને પણ મોકલી આપેલ છે.

# ખંભાળિયામાં ગ્રંથાલય સપ્તાહની થશે ઉજવણી: વિવિધ સ્પર્ધાના આયોજનો : વિજેતાઓને કરાશે પુરસ્કૃત

જામ ખંભાળિયા, તા. ૮

પુસ્તકાલય પ્રત્યે લોકોમાં જાગૃતતા વધારવા માટે વર્ષ ૧૯૬૮થી સમગ્ર દેશમાં દર વર્ષે તા. ૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આના અનુસંધાને ખંભાળિયામાં જુની મામલતદાર કચેરી પરિસરમાં કલ્યાણરાયજી મંદિર પાસે આવેલા સરકારી જિલ્લા ગ્રંથાલય ખાતે પણ તા. ૧૪થી ૨૦ નવેમ્બર સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનમાં વેશભૂષા સ્પર્ધા, ચિત્રકલા, રંગોળી અને ઈન્ડોર ગેમ્સ વિગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં વિજેતા થયેલા સ્પર્ધકોને પ્રમાણપત્ર તેમજ રોકડ ઈનામ વડે પુરસ્કૃત કરવામાં આવશે.

આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે તા.૧૩ નવેમ્બર સુધીમાં પુસ્તકાલય ખાતે નિઃશુલ્ક નોંધણી કરાવવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે સરકારી જિલ્લા ગ્રંથાલય ખંભાળિયાની રૂબરૂ મુલાકાત લેવા અથવા મોબાઈલ નંબર ૮૪૬૦૧ ૧૧૦૮૭ ઉપર સંપર્ક સાધવા મદદનીશ ગ્રંથપાલની એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં સંત શિરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી






## પૂજન-અર્ચન-આરતી-સમૂહપ્રસાદ-ભોજન-શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા

જૂનાગઢ તા.૮

સંત શિરોમણી પૂજય જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિની આજે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભક્તિભાવ ભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સવારથી જ જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને અનેરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

રઘુવંશી લોહાણા સમાજના ઈષ્ટદેવ અને સંત શિરોમણી પૂજય જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિના આ પાવનકારી પર્વે સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહભેર ઉજવવામાં આવી રહેલ છે. આજે ગામેગામ અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જૂનાગઢ શહેરમાં પણ જલારામ જયંતિ પર્વપ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા લોહાણા મહાજનના પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂના માર્ગદર્શન હેઠળ માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે આજે સવારે સાડા દસ વાગ્યે જલારામ બાપાની ઝુંપડી સન્મુખ ૨૨૫ દિવડાની આરતી કરવામાં આવી છે. ત્યારબાદ શાશ્વત ભૂદેવોનું પૂજન કરી અને ભોજન-પ્રસાદ પીરસવામાં આવેલ છે. આ સાથે જ રઘુવંશી લોહાણા પરિવારો માટે સમૂહજ્ઞાતિ ભોજન-પ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે. આજે સવારથી જ માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે સેવાકીય ધાર્મિક અનેક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે અને ભાવિકો તેમજ રઘુવંશી પરિવારો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉમટી પડયા છે.

**હવેલી ગલી જલારામ મંદિરે અન્નકૂટ દર્શન**

જલારામ જયંતીના દિવસે હવેલી ગલી ખાતે આવેલ જલારામ બાપા અને માતૃશ્રી વીરબાઈમાં મંદિર ખાતે દિવંગત સેવાભાવી ટ્રસ્ટ ચીમનલાલ મથુરાદાસ રૂપારેલીયા-ગં.સ્વ રેખાબેન ચીમનલાલ રૂપારેલીયા પરિવાર (ચંદન કેટરર્સ) તરફથી આજે સવારે ૮ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

**જલારામ જયંતિ શોભાયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા બપોરે જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન**

જલારામ જયંતી નિમિત્તે જલારામ જયંતિ મહોત્સવ શોભાયાત્રા સમિતિ દ્વારા આજ તા.૮ નવેમ્બરના શુક્રવારે બપોરે ૪ વાગ્યે પોસ્ટ ઓફિસ રોડ ઉપર નવનિર્મિત થઈ રહેલા જલારામ બાપા તથા માતૃશ્રી વીરબાઈ માના મંદિરેથી ભવ્ય શોભા યાત્રા પ્રસ્થાન થશે. જે આઝાદ ચોક, એમજી રોડ, કાળવા ચોક, જયશ્રી રોડ, જલારામ સોસાયટી રોયલ પાર્ક ખાતે પૂર્ણ થશે.

**જૂનાગઢના જલારામ ભક્તિધામ ખાતે જલારામ જયંતિની શાનદાર ઉજવણી થશે**

પૂજય જલારાબાપાની ૨૨૫મી જન્મ જયંતિ ૨૦૮૧ના કારતક શુદ ૭ તા.૮-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ ઉજવણી કરવા શ્રી જલારામ પરિવાર ટ્રસ્ટ દ્વારા વહેલી સવારથી મોડી રાત્રિ સુધી ધાર્મિક, આધ્યાત્યમિક, સામાજિક, સાંસ્કૃતિક, સમાજસેવા કલ્યાણલક્ષી, જ્ઞાતિ સંગઠન એવા અનેકવિધ કાર્યફમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારના મંગલા આરતી, અર્ચન-પૂજન બાદ પ્રથમ ધ્વજારોહણ, મેડીકલ કેમ્પ, નવા પ્રોજેકટ સોલાર રૂટ ટોપ, ભોજનશાળાના મેદાનનો ડોમ અને લીફટનું દાતા ડો. પી.એન. આહયા હસ્તે લોકાર્પણ અને તકતી અનાવરણવિધિ, બપોરના રાજભોગ અને રાજભોગ આરતી બાદ દ્વિતિય ધ્વજા રોહણ, અન્નકુટ દર્શન, મહિલા મંડળોના સંત કિર્તન, સાંજે ૨૨૫ દિવડા સાથે દેદિપ્યમાન સંધ્યા આરતી અને આરતી શણગાર સ્પર્ધા, સમગ્ર લોહાણા સમાજ અને અન્ય જલારામભકતો માટે સમૂહભોજન, મદેમાનોનું સ્વાગત અને દાતાઓનું સન્માન, સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જલારામ પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રો. પી. બી. ઉનડકટના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

દરમ્યાન પૂજય જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિ પર્વ પ્રસંગે આજે જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારો તેમજ સોસાયટી વિસ્તારોમાં પણ સવારથી જ પૂજન-અર્ચન-આરતી તેમજ પ્રસાદના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. તેમજ રઘુવંશી લોહાણા પરિવારો માટે તો આજે બીજી દિવાળી હોય તેવો માહોલ સર્જાયો છે અને ઘરે-ઘરે પૂજય જલારામ બાપાનું પૂજન તેમજ આરતી ઉપરાંત ઘર આંગણે આકર્ષક રંગોળી, આશોપાલવના તોરણ બાંધી તેમજ ભારે ઉત્સાહભેર જલારામ બાપાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત જૂનાગઢ જીલ્લામાં તેમજ સૌરાષ્ટ્રભરમાં પણ જલારામ જયંતિની ભક્તિભાવ ભેર ઉજવણી કરવામાં આવી રહી છે.

## વીરપુરમાં પૂજય જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે ભાવિકોનો ભારે ધસારો

વીરપુર તા.૮

સુપ્રસિધ્ધ યાત્રાધામ વીરપુર જલારામ ખાતે પૂજય જલારામ બાપાની ૨૨૫ મી જન્મજયંતિની આજે ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવેલ છે. સમગ્ર ગામને ધજા-પતાકા-કમાનો તેમજ રોશનીથી શણગારવામાં આવેલ છે. આજે વહેલી સવારથી જ પૂજન-અર્ચન-આરતી તેમજ પ્રસાદ-ભોજન સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ગઈકાલે ભવ્ય શોભાયાત્રા પણ યોજવામાં આવી હતી. 'જ્યાં ટુકડો ત્યાં હરી ઢુકડો' ના સાર્થક કરનાર પૂજય જલારામ બાપાના દર્શને દર વર્ષે લાખો ભાવિકો દર્શનાર્થે આવતા હોય છે. દિવાળીના તહેવાર બાદ દર્શનાર્થીઓનો પ્રવાહ સતત વહેતો રહે છે અને લાખોની સંખ્યામાં જલારામ બાપાની જન્મજયંતિના પાવનકારી અવસર સુધીમાં ભાવિકો ઉમટી પડે છે. જલારામ બાપાની જગ્યાના વર્તમાન ગાદીપતિ પૂજય રઘુબાપાના સાનિધ્યમાં અને તેમના માર્ગદર્શન હેઠળ આજે વીરપુર ધામ ખાતે જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. હજારો ભક્તોએ આજે વિવિધ ધાર્મિક કાર્યક્રમો તેમજ પૂજય બાપાના દર્શનનો લ્હાવો લીધો છે. આયોજકો તરફથી તેમજ સ્વયંસેવકો અને જલારામ ભક્તો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.



# જૂનાગઢ વાસીઓ શપથ લે, "આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં સમસ્યાઓના ગંજ ખડકી દેનાર લેભાગુઓને લાત મારીને ફેંકી દેશું"

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરના લોકો પ્રાથમીક સુવિધાના અભાવથી લઈ અનેક સમસ્યાઓથી આજે પિડાઈ રહ્યા છે. પ્રજાકીય પ્રશ્નોનો યોગ્ય ઉકેલ આવતો નથી તેમજ શહેરના વિકાસને બદલે વિનાશ થતો હોય તેવા આડેધડ કામો થઈ રહ્યા છે. જયારે આ શહેરની અનેક સમસ્યાઓ રહેલી છે. જૂનાગઢ શહેરના લોકોને સમસ્યાઓના ગંજ સિવાય કંઈ પ્રાપ્ત થયું નથી. દરમ્યાન નૂતન વર્ષનો પ્રારંભ થઈ ગયો છે અને નજીકના સમયમાં જ કોર્પોરેશનની ચૂંટણી યોજનાર છે. અને આ ચૂંટણી માટે જૂનાગઢ વાસીઓ એવા શપથગ્રહણ કરો કે, કોર્પોરેશનની આગામી ચૂંટણીમાં ભ્રષ્ટાચારીઓના હાથમાં શાસન નહીં સોંપીએ અને સમસ્યાઓના ગંજ ખડકી દેનાર એવા લેભાગુઓને લાત મારીને ફેંકી દેવા માટે શહેરીજનો મક્કમ મનોબળ દર્શાવશે તેવી લાગણી સર્વત્ર પ્રસરી રહી છે.

જૂનાગઢ કોર્પોરેશન એટલે ભ્રષ્ટાચારનું એપી સેન્ટર, જેમાં એક એકથી ચડીયાતા અનેક કૌભાંડો આચરવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. એટલું જ નહીં આરટીઆઈ એકટીવીસ્ટો દ્વારા અવાર-નવાર માહિતી માંગવામાં આવતી હોય અને આવી માહિતીમાં આશ્ચર્યજનક વિગતો બહાર આવતા લોકોમાં અનેક તર્કો-વિતર્કો ઉઠતા હોય છે. બીજી તરફ વિકાસના નામે આ શહેરનો જાણે વિનાશ કરવાનું જ કૌશલ્ય સત્તાના લાલચુ અને કોર્પોરેશનમાં વર્ષોથી ચીપકી ગયેલા કેટલાક નેતાઓએ આચર્યું હોવાનું હવે ખુલીને સામે આવ્યું છે.

જૂનાગઢ શહેરમાં રસ્તાઓની હાલત દિવસે દિવસે ખરાબ રહેલી છે. પ્રવાસી જનતા આ શહેરની મુલાકાતે આવે છે ત્યારે રસ્તાઓથી ત્રાસી જઈ અને નાકનું ટીચકુ ચડાવી લ્યે છે. રસ્તાના કામ હોય, ગટરના કામ હોય કે પંખાની ખરીદી હોય, લીફટ નાખવાની હોય, તમામ બાબતોમાં સરાજાહેર ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો થયા છે. એટલું જ નહીં કેટલીક ઈમારતો તો વગધારીઓએ આડેધડ ખડકી દીધેલી હોય છે. આ ઉપરાંત વોંકળાના દબાણો ઉપર જે લોકોએ મોટા એપાર્ટમેન્ટો ખડકી દીધા છે તેની સામે આજ દિવસ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. કોર્પોરેશનના કહેવાતા નેતાઓના પાપે જૂનાગઢને જળ હોનારતમાં પણ ધકેલી દીધું હતું. પદાધિકારીઓની ગાડી લોકોના કામોને બદલે પોતાના અંગત ઉપયોગમાં જ થતી હોવાની વિરોધપક્ષ દ્વારા વારંવાર જનરલ બોર્ડમાં રજુઆતો કરવા છતાં પણ કોઈ જાતની કાર્યવાહી થતી નથી અને લાઈટો વાળી ગાડીમાં પદાધિકારીઓએ લાંબી સફરો ખેડી છે. આ ઉપરાંત જૂનાગઢ શહેરને વર્ષોથી પિડીત રહેલા સાત સહેલીઓ સમા રેલ્વે ફાટકની સમસ્યા જેમની તેમ રહેલી છે. નરસીંહ મહેતા સરોવરનો વિકાસ કેવો થઈ રહ્યો છે તે લોકો નજરે જોઈ રહ્યા છે. દામોકુંડનો વિકાસ ઉપરાંત અન્ય વિકાસ માટેના નાણાનો બેફામ દુરૂપયોગ થયો છે. અને પ્રજાના પૈસાની ઘોર ખોદી નાખવામાં આવી હોવાનું જનતા ખુલ્લેઆમ બોલી રહી છે. જૂનાગઢ શહેર એટલે સમસ્યાનું ગઢ કહેવામાં આવે છે અને આ અનેક પ્રકારની સમસ્યાઓમાં આ શહેરના લોકોને ધકેલી દેવામાં સૌથી મોટો હાથ કોર્પોરેશનના બેજવાબદાર અને કહેવાતા સમાજના બની બેઠેલા આગેવાનો, પદાધિકારીઓનો છે જયારે નવા વર્ષમાં સૌ નગરજનો એવા શપથ ગ્રહણ કરીએ કે, જૂનાગઢ શહેરને સમસ્યાના ગંજમાં ધકેલીદેનારા આવા કહેવાતા ભ્રષ્ટાચારીઓના હાથમાં શાસનની ધુરા નહીં જ સોંપીએ.

નજીકના સમયમાં જ કોર્પોરેશનની ચૂંટણી આવી રહી છે ત્યારે ભ્રષ્ટાચારીઓને લાત મારીને ફેંકી દેવા સજ્જ બની જઈએ.

### જૂનાગઢ કોર્પોરેશનમાં લાયકાત વિનાના કેટલાક કર્મચારી મોટા હોદ્દા ઉપર !!

**જૂનાગઢ તા.૮**

**ભ્રષ્ટાચારથી લઈ અનેક મુદામાં જૂનાગઢ કોર્પોરેશન વગોવાઈ ગઈ છે. ગાંધીનગર સુધી જેની રજુઆતો થઈ છે તેવા જૂનાગઢ કોર્પોરેશનમાં પગ મુકો ત્યાં પાપ લીલાના ભણકારા વાગતા હોય તેવો અવાજ પણ ઉઠવા પામતો હોવાનું લોકો છડેચોક બોલી રહ્યા છે. સામાન્ય કામ માટે તેમજ પ્રજાકિય પ્રશ્નો માટે પણ અરજદારોને અનેકવાર ધક્કા ખવડાવવામાં કોર્પોરેશન તંત્ર કુખ્યાત છે. આ ઉપરાંત જૂનાગઢ કોર્પોરેશનમાં એવા કેટલાક કર્મચારીઓ છે કે, જેઓની પાસે લાયકાત બીજી હોય અને બીજા વિભાગના ટોચ સ્થાને બીરાજી અને વહીવટના કામો કરતા હોય તેવી પણ અનેક ફરિયાદો છે. જોકે, આ અંગેની લેખિતમાં પણ અનેક ફરિયાદો અને વિસ્તૃત માહિતી આ અખબારને મળેલી છે અને જરૂર પડયે આવા કર્મચારીનો જનતાના હિતમાં પર્દાફાશ પણ કરતા પણ આ અખબાર અચકાશે નહીં.**

પ્રવાસી જનતા માટે હોટફેવરીટ ગણાતા

# સક્કરબાગ ઝુના પાર્કિંગમાંથી બે કારના કાચ તોડી તસ્કરોએ રૂા.૨.૮૦ લાખની માલમત્તાની ચોરી કરી




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

દિવાળી અને નૂતન વર્ષના તહેવારોની રજાઓના આ દોરમાં જૂનાગઢ શહેર અને જીલ્લાના ધાર્મિક સ્થળો, ફરવા લાયક સ્થળોએ આ વર્ષે ભારે માનવ મહેરામણ ઉમટી પડ્યો છે. એટલું જ નહી પ્રવાસી જનતા દુર-દુરથી હેરીટેજ શહેરની મુલાકાતે આવે છે. આ દરમ્યાન જૂનાગઢના પ્રવાસી જનતા માટે હોટફેવરીટ ગણાતા સક્કારબાગ ઝુના પાર્કિંગમાંથી બહારથી આવેલા પ્રવાસીની બે કારના કાચ તોડી અને તસ્કરોએ હાથફેરો કર્યો છે. પાંચ તોલાનો સોનાનો ચેઈન અને બે લાખ રોકડની ચોરી કરી તસ્કરો નાસી ગયા છે. આ બનાવને પગલે પોલીસે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસનો ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી અને કચ્છથી જૂનાગઢ સક્કરબાગ ઝુમાં ફરવા આવેલા બે પ્રવાસીઓએ પાર્ક કરેલી કારના કાચ તોડી રોકડ રૂપિયા અને સોનાના ચેનની ચોરી થયાની ઘટના સામે આવી છે. મોરબી અને કચ્છથી પરિવાર જૂનાગઢમાં ફરવા આવ્યો હતો. ત્યારે જુનાગઢના સક્કરબાગ ઝૂ માં ફરવા ગયેલા પરિવારે પોતાની બે ગાડીઓ સક્કરબાગ ઝુમાં પાર્કિંગમાં પાર્ક કરેલ હતી. આ પાર્કિંગના ૩૦ રૂપિયા ચાર્જ પણ ચૂકવ્યો હતો. પરિવાર પરત ફરતા પોતાની બંને ગાડીઓના કાચ તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા, જેથી પરિવારે પોતાની ગાડીમાં રાખેલો સામાન ચેક કરતા અજાણ્યા ઈસમ ગાડીનો કાચ તોડી સામાન ચોરી કરી ગયો હોવાની જાણ થઈ હતી. પરિવાર દ્વારા ગાડીમાં ત્રણ બેગ રાખવામાં આવી હતી. આ બેગોમાં રોકડ રૂપિયા દોઢ લાખથી વધુ અને એક પાંચ તોલાનો ચેન હતો, જે ચોરી થઈ જતા પરિવાર હાલ ચિંતામાં મુકાયો છે. સક્કરબાગ ઝુ પાર્કિંગમાં ચોરી થયેલી ઘટનાથી જૂનાગઢ પોલીસ દ્વારા તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. અલગ અલગ સીસીટીવી કેમેરાની મદદ લઈ વહેલી તકે આ તસ્કરને પકડવા તજવીજ હાથ ધરી છે. દરમ્યાન સક્કરબાગ ઝુમાં ફરવા આવેલ વજેસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અમે મોરબીથી પરિવાર સાથે ફરવા માટે નીકળેલ હતા. આજે સક્કરબાગ ઝુમાં પરિવાર સાથે ફરવા આવ્યા હતા તે સમયે પાર્કિંગમાં મારી ગાડી રાખી હતી ત્યારે પાર્કિંગમાંથી ગાડીના કાચ તોડી ૩ બેગમાંથી રોકડ રૂપિયા દોઢ લાખ અને એક ૫ તોલાનો ચેન કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ચોરી કરવામાં આવી હતી. અમે જ્યારે ફરવા ગયા હતા ત્યારે એક બેગમાં ૫૦,૦૦૦ રૂપિયા રોકડા અને બીજી બેગમાં એક લાખ રૂપિયા રોકડા હતા. તેમજ અન્ય એક બેગમાં પાંચ તોલાનો ચેન રાખી અમારો પરિવાર ફરવા ગયો હતો. સક્કરબાગ ઝુ ફરીને પરત ફરતા અમારી ગાડી ના કાચ તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા અને ત્રણે બેગ ગાડીમાંથી ગાયબ હતા. પાર્કિંગ માટે અમે ૩૦ રૂપિયા ચૂકવ્યા હતા. પાર્કિંગના કર્મીઓની બેદરકારીના કારણે આજે અમારો કીમતી સામાન ચોરી થયો છે. ચોરીની જાણ થયાથી પોલીસે પોતાની કામગીરી શરૂ કરી છે. આ ઉપરાંત કચ્છથી ફરવા આવેલ કાનજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, હું મારા પરિવાર સાથે જૂનાગઢ સક્કરબાગ ઝુમાં ફરવા ગયો હતો. મેં મારી ગાડી સક્કરબાગ ઝુના પાર્કિંગમાં પાર્ક કરી ૩૦ રૂપિયા ચૂકવ્યા હતા. જે બાદ પરત ફરતા મારી ગાડીના કાચ તોડી તેમાંથી બેગ અને અન્ય સામાનની ચોરી કરવામાં આવી હતી. મારી ગાડીમાંથી ૪૦,૦૦૦ રોકડાની ચોરી કરવામાં આવી છે. આ બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે. પરંતુ સકરબાગ ઝૂ પાર્કિંગના કર્મીઓની બેદરકારીના કારણે આ ચોરી થઈ છે. પાર્કિંગ વ્યવસ્થા જેના દ્વારા કરવામાં આવી છે તેના દ્વારા કોઈપણ પ્રકારના સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવ્યા નથી. આ મામલે સક્કરબાગ ઝુના અધિકારી નીરવ મકવાણાએ જણાવ્યું હતું કે, સક્કરબાગ ઝુમાં જે બોર્ડ લગાવવામાં આવ્યો છે તેમાં લખવામાં આવ્યું છે કે અહીં આવતા પ્રવાસીઓના કીમતી સામાનની જવાબદારી પ્રવાસીઓની રહેશે. તેમજ સકરબાગ ઝૂ માં જે પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી છે. તે પાર્કિંગ માટે ૩૦ ફી વસૂલવામાં આવે છે. તેમાં સક્કરબાગ ઝુના જ માણસો રાખવામાં આવ્યા છે. પ્રવાસીઓને જે ટિકિટ આપવામાં આવે છે તેમાં પણ લખવામાં આવ્યું છે કે પ્રવાસીઓના પોતાનો કીમતી સામાનની જવાબદારી પોતાની રહેશે. આટલી ભીડ હોય ત્યારે પોલીસે પણ ત્યાં બંદોબસ્ત રાખવો જોઈએ. સકરબાગ ઝૂ પાર્કિંગમાં જે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે તે માત્ર પાર્ક કરેલી ગાડીઓ દેખાય શકે તેવા છે. પરંતુ ગાડીઓના અંદર સામાનની શું સ્થિતિ છે તે ચિત્ર દેખાઈ નહીં. ડીવાયએસપી હિતેશ ધાંધલીયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, સક્કરબાગ ઝુના પાર્કિંગમાં ચોરી થયાની ઘટનાને લઈ પોલીસે તસ્કરોને પકડવા તપાસ હાથ ધરી છે. દરમ્યાન પ્રાપ્ત વિગત અનુસાર સક્કરબાગ પ્રાણી સંગ્રાહલયમાં પાર્કિંગમાં રાખેલી કારના કાચ તોડી રૂા.૨.૮૦ લાખની ચોરીના બનાવ અંગે એક તરફ તપાસ હાથ ધરવામાં આવી છે તો બીજી તરફ સક્કારબાગ જુના પાર્કિંગના સીસીટીવી કેમેરામાં જોવામાં આવતા અજાણી ત્રણ મહિલા અને બે શખ્સની શંકાસ્પદ હિલચાલ પણ જોવા મળી હતી. જે અંગે પણ તપાસ ચલાવવામાં આવી રહી છે.

### જૂનાગઢ : ચોરી, લૂંટ સહિતના વધતા બનાવો સામે લોકોને સાવચેત રહેવા અપીલ

જૂનાગઢ સહિત સમગ્ર સોરઠ અને સૌરાષ્ટ્રમાં તહેવારોના આ દિવસોમાં દુર-દુરથી પ્રવાસી જનતા ફરવા આવી પહોંચી છે અને જોવા લાયક સ્થળો તેમજ ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ રહી છે. પ્રવાસી જનતા સાથે ક્યારેક કોઈ ઘટનાઓ પણ બનતી હોય છે ત્યારે આવા બનાવો બને નહી તે માટે સાવચેતી જાળવવી જરૂરી છે. એક તરફ સતત વધી રહેલી મોંઘવારી, બેરોજગારી અને કામધંધા ન હોવાના કારણે પણ ચોરી, લૂંટ સહિતના બનાવો છાશવારે બની રહ્યા છે. જોકે, આવા બનાવો બને અને ત્યારબાદ ગણતરીના કલાકોમાં જ પોલીસ દ્વારા આવા બનાવોનો ભેદ ઉકેલી અને આરોપીને જેલ ભેગા કરવામાં પણ આવે છે. પરંતુ આ સાથે આમ જનતા, પ્રવાસી જનતાએ પણ સાવચેતી રાખવાની જરૂર છે. તાજેતરમાં જ એટલે થોડા કલાકો પહેલા જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના પાર્કિંગમાંથી પ્રવાસી જનતાની કારના કાચ તોડી કોઈ અજાણ્યા શખ્સોએ હાથફેરો કરી રૂા.૨.૮૦ લાખના મુદ્દામાલ તફડાવી ગયા છે અને આ બનાવ પણ એક લાલબતી સમાન છે. ખાસ કરીને ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો, ફરવા લાયક સ્થળોએ પણ પોલીસના પોઈન્ટ તૈનાત કરવાની જરૂર છે.

**જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો, ફરવા લાયક સ્થળોએ પોલીસ બંદોબસ્ત તૈનાત કરવા માંગ**


શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

ઓપરેશન કરાવતા પહેલા

આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ

૨૦ વર્ષનાં અનુભવી

કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો

(પચીસ રોગોની કાયાકલ્પ દવા)

હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)

મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ

(મું. વડાલ વાળા)



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )


અન્યો માટે રાહતદરે સારવાર

હરિ-કલા +

યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,

મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો

તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ

૧ કિલોના ફકત રૂા.૬૦૦

આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ

જૂનાગઢ

મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨